મણિ મોતીને હેમની, હવે મળે જો માળ;
એથી અધિક શોભશે, આ ઉત્તમ રત્નમાળ.

શ્રીમતે રામાનુજાય નમઃ ॥ શ્રી હરિ ॥

રહસ્યત્રયરત્નમાળા.

આવૃત્તિ ૧ લી.

પ્રત ૫૦૦.

સંવત ૧૯૬૯

સને ૧૯૧૩.

વિવિધ વાડીથી લાવી, તંતુ વડે પરોવી માળ;
હરિજન વાંચો હેતથી, અતિ આપીને ધ્યાન.

ભાવીક ઉપાસને ભુજંગી છંદમાં

વાંચો. જાહેર ખબર. વાંચો.

ભલે ચક્રવર્તિ સુધી સુખ કહાવે; ભલે શ્રી ઘણાં પુત્ર બહુ સુખ આવે;
રહે અગ્નિ રોગી [illegible] વૈભવ જમાવે, તોએ સુખ સત્સંગને તુલ્ય નાવે. ૧
ભલે ઇંદ્ર અમરાવતીનો કહાવે, વળી સ્વારી ઐરાવતો પર જમાવે;
અષ્ટ સિદ્ધિ આવી ભલે પુરું આવે, તોએ સુખ સત્સંગને તુલ્ય નાવે. ૨
કોઈ મુખે પાતાળનો રાય કહાવે, હરિહર વિરંચી ભલે દ્વાર આવે;
મુખે પદ્મણી રાણીઓ પુરું આવે, તોએ સુખ સત્સંગને તુલ્ય નાવે. ૩
કોઈ સિદ્ધિથી સ્વર્ગ લોકે જાવે, પ્રકૃતિ કરીને પ્રભુતા લખાવે;
પ્રસિદ્ધિ ભલે દશ દીશાએ કરાવે, તોએ સુખ સત્સંગને તુલ્ય નાવે. ૪
ફરી સર્પોમાં પેશી અમૃત પીવાવે, રવિનો મુકુટ મધ્ય હીરો લગાવે;
વૈકુંઠ સાથ નક્ષત્રની સુધી આવે, તોએ સુખ સત્સંગને તુલ્ય નાવે. ૫
કરી કોઈ કલ્પવૃક્ષ કોટિ લાવે, ઘરોઘર ભલે કામધેનુ મગાવે;
ચૌદ ભુવનનો મણકો બનાવે, તોએ સુખ સત્સંગને તુલ્ય નાવે. ૬
સુખી ગ્રંથ [શ્રી સત્ પ્રભાવનો છે] કરો દશ ટીકે પુરો વાંચવો છે;
ભલે [illegible] પાસ આવે મગાવો, લખો પત્ર તો પછી તે મોકલાવે ૭
ચૌદ લોક લાખો હસીને વંચાવે, તેમાં સંતના લેખની શાંતિ નાવે,
સ્વરો શ્રી હરિ સંત શાંતિ અપાવે, છંદ આઠ આ સ્પષ્ટ કહી દીધા કહાવે. ૮

ઉપર કહેલા—શ્રી સંત પ્રભાવ ગ્રંથનું મૂલ્ય ફક્ત ૦-૪-૦ આને આના છે, બહારગામથી ગ્રાહક થાય તો પોસ્ટેજ માફ.—સીરનામું સાફ અક્ષરે લખજો. મળવાનું ઠેકાણું. મુ. ચાંગોદર. (જીલ્લો અમદાવાદ)

શ્રી મહાલક્ષ્મીજીના મંદિરમાં પુજારીજી [illegible].

મણી મોતીને હેમના, ...
એથી અધિક ઓપશે, આ ઉત્તમ પદમાળ.

॥श्रीमते रामानुजाय नमः॥ श्री हरिः ॥

સં. ૧૯૭૦ ના
બેસ્તા વર્ષે
બહાર પડી.

મહા પ્રેરણાથી રચી, પ્રસિદ્ધ કરનાર શ્રી મહાલક્ષ્મીના પુજારી મહારાજ મગનલાલજી.

શ્રીમત

રણછોડચરણમાળા.

મુ=માંગરોળ.

અમદાવાદ,—શ્રી સત્યવિજય પ્રિ. પ્રેસમાં શા. સાંકળચંદ હરિલાલે છાપ્યું. કી. ૦-૪-૦ [પદ ૧૦૮]

આવૃત્તિ ૧ લી.
પ્રત ૫૦૦.

સંવત ૧૯૬૯
સન ૧૯૧૩

સધવા વિધવા સર્વને, આ માળા સુખદાય;
કંઠે ધારો પ્રેમથી, જન્મ મરણ ભય જાય.

વિવિધ નાટકી રાગમાં, નંદકુંવરનાં ગાન;
હરીજન વાંચો હેતથી, અતિ આપિને ધ્યાન.

શ્રીમત્ રણછોડરાયની, રસીક રાગમાં માળ;
વાંચો હરિજન હેતથી, પૂર્ણ બનો પ્રેમાળ.

શ્રી

✽ અર્પણ પત્રીકા ✽

ધર્મ, અર્થ, કામ, અને મોક્ષના અધિપતિ ભગવાનશ્રી દ્વારકાંધીશનાં મુખ્ય માનિતાં મહારાણીશ્રી **મહા લક્ષ્મીજી** ની શેવામાં, કૃપા. ક્ષમા, અને દયાની મુર્તિ; આપશ્રીની સુપ્રેરણાથી અસંખ્ય ગુણનિધિ શ્રી દ્વારકાંધીશ દયાળુ દેવની (શ્રી રણછોડરાય રત્નમાળા) આપ દીવ્ય દંમ્પતિની દયાથી આપના દાસના દાસનો આ એક અકીંચનદાસ રચી છપાવીને કૃતાર્થ થવાની આશાયે આપશ્રીનેજ અર્પણ કરવા આપની કૃપાથી ઉત્સાહિ થયો છે તો દીનકરને દીપ અને જલનિધિને અંજલીની પેઠે આ અલ્પ ભેટ આપ કૃપા કરિને સ્વીકારિ કૃતાર્થ કરશોજી.

લી. આપની પ્રેરણાથી આપના

દાસોનો દાસાનુદાસ અલ્પજ્ઞ અકીંચનબાળ

મેઘજી.

વિજ્ઞપ્તિનું પદ—આરંભ અષ્ટક.

(લાવણી.)

(સજન સેવો શ્રી રણછોડરાય દ્વારકાંબિટ ગોમતી માય—એ ઢબ)

દ્વારકાંધીશ ધણી શીર ધરો, નારિ નર નિડર બનીને ફરો;—ટેક.
છોડિ રણછોડરાય ધણિ ખરો કેમ કંગાલ કને કરગરો;
આશા દાશીને ઉપાશિ શું માત પિતા વિસરો;
ભવસાગરમાં ભટકીને બહુ બાપ કબુલ શીદ કરો,
હવે તો શ્રીહરિને કરગરો.— દ્વારકાં-૧
જન્મમરણથી છોડનાર રણછોડરાય છે ખરો,
ધારણ તેનું શરણ કરિને પછી બેફીકરાં ફરો;
ધરો દ્રઢ હિમ્મત હરિને સ્મરો.— દ્વારકાં-૨
ધ્યાન ધરિ દ્વારિકાંધીશનું મનને મજબુત કરો,
ગાન કરિ ગોવિંદ ગુણોનું ઉર આનંદે ભરો;
સેવ કરિ સાચાં શેવક ઠરો.— દ્વારકાં-૩
શરણ ગ્રહિ રણછોડરાયનું જુઠ્ઠી શરમ ન કરો,
ભક્ત બનીને જગતજનોના જુલ્મ થકી નવ ડરો,
જગતથી જગતપતિ જબરો.— દ્વારકાં-૪
ખરા ધણીનું ધામ દ્વારકાં દ્વાર વિશે સંચરો,
ભવરણથી રણછોડ છોડવા ઉભા ત્યહાં કરગરો,
ફરી મનથી જગમાં મત ફરો.— દ્વારકાં-૫
વાંચી અર્થ વિચારવાથી રસ્તો મળશે ખરો,
તે રસ્તાને નહિ વિસરો તો પરમપદે જઈ ઠરો,
માર્ગ એ શ્રેષ્ટ શાસ્ત્રમાં ઠર્યો.— દ્વારકાં-૬
વાંચી વ્હાલાજીને સ્મરો તો શાંત થશે ખરખરો,
મગ્ન બની મલકાઈ મુખેથી મંડલ થઈ ઉચરો;
પાપથી પૂર્ણ હ્રદયમાં ડરો.— દ્વારકાં-૭
મેઘો કહે માનવ તન પામી વતન ભણી પગ ભરો,
વતન માટ રણછોડરાય રત્નની માળ મુખ કરો;
બતાવે રસ્તો તે પાધરો.— દ્વારકાં-૮

અનુક્રમણિકા.

શ્રીમત્ રણછોડરાય રત્નમાળા

પદ (૧) લું.

—દીનબંધુ પ્રણમું પદમોજાર હરિ—એ રાગ—

રાજાઓના રાજા શ્રીરણછોડ નમું; કરિ દોડ નમું: જુગલ જોડ નમું;
હાં...હાં...હાં...હાં રાજાઓના—ટેક.
દીનબંધુ દેવેશ દ્વારકેશ નમું; શેવે શેષ ને મહેશ તેને નિત્ય નમું;
શ્રીનાનાથ નમું; દીનાનાથ નમું; હાં...હાં...હાં...હાં રાજાઓના. ૧
બેટ દ્વારકાંપુરીના પ્રણતપાળ નમું; ભેટ કરવા ભગવાન ત્રણે કાળ નમું;
પ્રતિપાળ નમું; દીનદયાળ નમું; હાં...હાં...હાં...હાં રાજાઓના. ૨
શંખચક્ર ગદા પદ્મ પ્રિયપાદ નમું; ઇશ અંતરજામીને કરિ યાદ નમું;
આદજુગાદ નમું, નીર્વિવાદ નમું; હાં...હાં...હાં...હાં રાજાઓના. ૩
દીધા પરચા એ અરચા અવતાર નમું; કીધાં પાવન ચરચાથી તેને ન્હાય નમું;
વારવાર નમું; શ્રી સરકાર નમું; હાં...હાં...હાં...હાં રાજાઓના. ૪
મનરંજન મેઘાના માબાપ નમું; ભયભંજન ભગવાન હે અમાપ નમું;
હરો તાપ નમું; કરો સાફ નમું; હાં...હાં...હાં...હાં રાજાઓના. ૫

પદ (૨) જું. રાગ; (નારાચછંદ.)

હજારો વર્ષ યોગીયો મહાન ધ્યાન ધારતા;
ત્યારે જેને જરાક કોક હૃદયમાં નિહાળતા;
કળિ વિષે દયાથી દેવ દુર્લભ થયા છતા;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૧
ક્ષિરાબ્ધી તિર ઇંદ્ર રૂદ્ર અજ જઈ પુકારતા;

સમાધી ધારિ સંકટે સહાય જેની માગતા;
ત્યારે આકાશવાણીએ જવાબ કાંઈક આપતા;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૨
સ્વધર્મનેજ સ્થાપવા યુગે યુગે પધારતા;
અધર્મને ઉથાપવા અનેક રૂપ ધારતા;
અનાદી એક આદિ દેવ વિશ્વમાં વિચારતાં;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૩
જેનું સુગાન સાંમવેદમાં રૂષિ ઉચ્ચારતા;
જેનુ સુધ્યાન ધારિને સમસ્ત દુઃખ વામતા:
જેને જનો જપી તપી યુગે યુગોમાં યાચતા;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૪
શ્રુતિ સ્મૃતિ ને પુરાણુ જેમને જણાવતાં;
જગતના જે તાત મોજ ભક્તને ભણાવતા;
જેના ગુણોનું ગાન ગાઇ નારદાદિ ગાજતા;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૫
જેનું સ્વરૂપ જોઇને શ્રીનર્સિ નિત્ય નાચતા;
જેનું શ્રીમુખ જોઇને મીરાં હંમેશ રાચતાં;
જેના ગુણો શ્રીભાગ્વતે સદાય વ્યાસ વાંચતા;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૬
મચ્છ કચ્છ વરાહ નૃસિંહરૂપ ધારતા;
વામનાદિ પર્શુરામ રૂપ જે સ્વીકારતા;
રામકૃષ્ણુ બુદ્ધ રૂપ ધારિને પધારતા;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૭
કલ્કીરૂપ જે કળિના અંત માંહે ધારશે;

દુરિજનોને દંડ દઈ સજ્જનને સ્વીકારશે;
જેના શ્રી પદ્મપાદથી મટિ ભ્રમાની આપદા;
તે દયાળુ દ્વારકેશ દેશમાં બીરાજતા; ૮

પદ (૩) જું. (લાવણી)

સજ્જન સેવો શ્રીરણછોડરાય, દ્વારકાં બેટ ગોમતિમાંય. એ રાગ.
જઈશ હું દ્વારકેશ દરબાર; ધણીનું ધામ ગુણ ઘરબાર; ટેક.
છોડી જગનાં જનની દરકાર; ખરો શ્રીવર મારો સરકાર;
સમર્થ સ્વામી અંતરજામી ઘટઘટમાં વસનાર;
ઝટપટ એનો ગ્રહ્યો વસીલો થાવ ભલે થાનાર;
છોડશે નહિં રણછોડ લગાર— જઈશ હું૦ ૧
નહિં રહું રોકયો ટોકયો કોઇનો; જબરજસ્તીથી જઈશ.
પાછો મુજને નહિં સંઘરો તો ત્યહાંજ હું રહિશ;
અંત છે એજ મ્હારૂં ઘરબાર— જઈશ હું૦ ૨
આખર અહિંના લોકો કોઇનું નથી પુરૂં કરનાર;
ધોખો શાને ધરૂં કોઇનો સૌ અંતે તજનાર;
આખરે બને બધાં લાચાર— જઇશ હું૦ ૩
એના ધામે એના કામે એના સામે રહિશ;
સુખ દુઃખની અંતરની અરજી એને જઇને કહિશ;
સુણશે સત્વર શ્રી સરકાર— જઇશ હું૦ ૪
આ શરિર છોડાવિ આખર દીવ્ય દેહ એ દેશે;
કદીએ તે કુંઠીત નહીં થાશે જે વૈકુંઠે રહેશે;
કૃપાળુ કરશે બેડો પાર— જઈશ હું૦ ૫
હાલ દ્વારકાં જઇને બનીશ એનો ઉમેદવાર,
લાયક કરિને લૈ લેશે એ દીવ્ય નગર મોઝાર;

પછી ત્યાં સુખ છે અપરમપાર.— જઇશ હું૦ ૬
ભલે લબાડી લોકો મ્હારિ નીંદા કરે હમેશ,
એથી મારાં અઘ ધોવાશે થાશે કૃપા વિશેષ;
નહિં છોડું હરિનો હું પ્યાર.— જઇશ હું૦ ૭
મેઘાનું મન મોજ મજામાં તન ભલે તગડાય,
ભુંડાં લોક ભલે જખ મારે ચાહે છે જગરાય;
જબર જગરાય તણો આધાર.— જઇશ હું૦ ૮

પદ૦ (૪) થું.-(નાથ છે નાથ છે નાથ છે રે.) **એ રાગ૦**

આશ છે આશ છે આશ છે રે,
દ્વારામતિ પતિ દેખવાની આશ છે. ટેક.
એજ હમ્મેશ મને હાંશ છે રે,
દ્વારમતિ પતિ દેખવાની આશ છે;
સ્નેહે સંભારૂં ધ્યાને હું ધારૂં;
એજ અખંડ અવિનાશ છે રે.— દ્વારામતિ પતિ૦ ૧
જગત જંજાળે જકડી બંધાયાં;
કષ્ટ અને એજ કાશ છે રે.— દ્વારામતિ પતિ૦ ૨
સગાં સબંધી બંધી કરે છે;
બાંધેલા પાપોના પાશ છે રે.— દ્વારામતિ પતિ૦ ૩
અરજી સ્વીકારો કાપો વિકારો;
સહુમાં તમારો વાસ છે રે.— દ્વારામતિ પતિ૦ ૪
પાસે તેડાતો થાઉં પાર બેડો;
જેવો તેવો તોય દાસ છે રે.— દ્વારામતિ પતિ૦ ૫
ભુલવનારાં ભય ભારિ દેખાડે;
બુજેતો મારિ કયાશ છે રે. દ્વારામતિ પતિ૦ ૬

આપવિના નથી કોય અમારૂં;
અંતે આતો બધું નાશ છે રે.— દ્વારામતિ પતિ૦ ૭
સ્હાયવિના કાંઈ થાય નહિં સ્વામી;
મેઘાને એજ અભિલાષ છે રે;— દ્વારામતિ પતિ૦ ૮

પદ. (૫) મું.–**હરિગીત છંદ.**

ભવરણ થકી રણછોડજી ક્ષણમાં ખરેખર છોડશે;
જાતાંજ જગપતી પાંસ પાપપતાવિ પદમાં જોડશે.— ૧
દ્વારામતિના દેવ તે દીન જાણી સેવ સ્વીકારશે;
ધન્ય દીવસ એજ કે સ્વજનો મળિ શેવા થશે.— ૨
જગતમાં જીવતર ખરેખર તર મગજ તો ત્યાં થશે;
મળશું મનોહર નાથને પાપીપણું પુરૂં જશે;— ૩
એનેજ ઉરથી ધ્યાય નીત ગુણ ગાય ત્યાંએ પહોંચશું.
નીરખી નયનથી લાભ લૈને નૈકદી પછી સોચશું.— ૪
આનંદનું એ ધામ ગુણના ગ્રામ ને શુભ નામ છે;
મેઘા મનોહર શ્યામસુંદર એજ પુરણકામ છે.— ૫

પદ૦ (૬) ઠું. (દીન દીન ઉર વધે મુને પ્રીત.) **એ રાગ૦**

જાવું જાવું જગતપતિ પાસ દાસ થાવાકાજે;
નાવું નાવું શ્રી ગોમતિમાં ખાસ મેહેર કીધી મહારાજે;
પતિતપાવન પુરા થાશું જાશું જગપતી પાસેરે,
સંભારી સંભારી શ્રીવરની સેવા કરસું હોંશે.— દાસ૦ ટેક.
ચડશું સ્વર્ગદ્વારે સહુજન મનમાં મોદ ન માયરે;
સ્હામા સુંદર ઘંટા ઘોષો સુખદ શ્રવણે સુણાય.— દાસ૦ ૧
રીઝવવા રણછોડ રંગીલા મળિને સજ્જનો સંગેરે;
ગાનતાનને વિણા મૃંદગથી રીઝવસું ઉમંગે.— દાસ૦ ૨

રસીયા રંગી સંગી અમારા જન્મોજન્મના સાથીરે;
ભાવ ભક્તિ ભરાસે ઉરમાં પુરે પુરિ ત્યાંથી.— દાસ૦ ૩
જે ગયાં તે થયાં બેડો પાર જણાય છે એમ ત્યાંથીરે;
મેઘા મનમાં મોદ ન માયે જાયે એ આશાથી.— દાસ૦ ૪

પદ. (૭) મું. મનમોહનની લગાડો.) **એ રાગ.**

આવ્યો આવ્યો દ્વારામતિનો ખારો,
નેહે નીરખશું નંદનો દુલારો. ટેક.
જુવો જણાય આ ઉંચું જગમંદીર;
અંદર ઉભો નખરાળો રે.— નેહેનીર ખશું નંદનો દુલારો૦ ૧
શીખરપર ઝળકે કળસ કનકનો;
નીરખું ઉમળકે ઝીનારો રે. નેહે નીરખશું૦ ૨
ધોળિધ્વજા જુવો ઉડે ઝપાટે;
વાટે ધણીનું ધ્યાન ધારોરે. નેહે નીરખશું૦ ૩
ઘણાં વરસ અમે એળે ગુમાવ્યાં;
આજે આવ્યો ઠીક વારોરે. નેહે નીરખશું૦ ૪
મેઘા અંગોઅંગ ઉમંગ આજે;
સુફલ થયો જન્મારોરે. નેહે નીરખશું૦ ૫

પદ. (૮) મું. આજની ઘડી રળિયામણી-**એરાગ.**)

આજે આવ્યાં દ્વારમતિના દ્વારમાં,
પોચ્યાં પ્યારાના પુરમાં સવારમાં હોજીરે. આવ્યાં દ્વારમતિ૦ ટેક.
ઘણેણાટ ઘાટ ગોમતિ ગાજી રહ્યાં;
ઠીક પોચ્યાં વર્ષંતો ઘણાં છે વહ્યાં હોજીરે.— આવ્યાં૦ ૨
જગતદેરૂં દ્રષ્ટિએ શુભ આવતું;
જોતાં ઝાઝું તે મનડું લોભાવતું હોજીરે.— આવ્યાં૦ ૩

ઝટ જાશું ત્યાં ગોમતિજી ન્હાઇને;
મેઘા મળશું શ્રીરણછોડરાયને હોજીરે.— આવ્યાં૦ ૪

પદ. (૯) મું. (મારા વ્હાલા વેંકટનાથા પરહું.-**એ રાગ.**)

મારા પ્યારા દ્વારામતિ પતિ પર જાઉં વારિરે;
જાઉંવારિરે ધણીનું ધ્યાન ધારિરે હો; —મારા પ્યારા૦ ૧
મોરમુગટ શીરછત્ર બીરાજે કુંડળ ઝળકેકાન;
હીરા મણીમય મોતીહારો કુસુમ સુગંધીવાન.—મારા પ્યારા૦ ૨
શંખ ચક્ર ને ગદા પદ્મને છડી કનકની હાથ;
પીતાંબરધારિ અસુરારી સર્વ જગતના નાથ.—મારા પ્યારા૦ ૩
જાત જાતના જામા પટકા ઝાંખીની છે બ્હાર;
સુંદર વર ઉભા શું લટકે ખટકે ખુબીદાર. —મારા પ્યારા૦ ૪
અનહદ ઉપકારિ અસુરારિ માફ કરો મુજ વાંક;
જોડી પાણી વદી આ વાણી વિનવે મેઘોરાંક.—મારા પ્યારા૦ ૫

પદ (૧૦) મું. પુનમચાંદની. **રાગ.**

દીનના બંધુ દ્વારામતિ પતિનાતમ નાથનેરે— ટેક.
સાથે સર્વ મળીને ગાયે સુંદરગાથ;
નાથ રીઝે રંગીલા રાજા શ્રીરણછોડજીરે— દીનના૦ ૧
સૌ સંગી સંચરિએ ન્હાવા નીત્યે સ્નેહથીરે;
તુલસીદલ લઈ જઈ પહોંચીએ ગોમતી ઘાટ;
જામ્યો ઠાઠ જનોનો ન્હાવાનિત્યે ત્યાં અતીરે,
ઘંટા ઘોષોને નીશાન તણા ઘણેણાટ.— દીનના૦ ૨

(સાખી.)

નાહી નીરખીએ નાથને શ્રીજીમાતા સાથ;
કરિએ પૂજા પ્રેમથી જેમ રીઝે જગનાથ,

જઇએ સૌજન સુંદર મંદીર અંદર આપણે રે;
વ્હાલ ધરિને વરિએ વ્હાલા હરિની સાથ,
હાથો હાથ હમેશાં નૌતમ લાહો લીજીએરે;
સેવી સારિ રીતે સંચરીએ સહુ સાથ. દીનના૦ ૩

(સાખી)

પ્રદક્ષિણાને પ્રણામથી વિનવિ વારંવાર;
અંતરમાં ઉતારિએ છબી સહિત શણુગાર;
સ્નેહે સંચરિએ સહુ ઉતારા ભણી આપણેરે:
ગાતાં ગાતાં ગુણો જાતાં જન ત્યાં નીત્ય,
પુરિ પ્રીત રિતથી પીતુ માતાને પેખતાંરે;
સૌ જન સમય સમયનાં દર્શન કરવા જાય.— દીનના૦ ૪

(સાખી)

અખંડ ઉમળકા રહે રંગે હૃદય છવાય;
ગદગદીત નીત કંઠથી સુંદર ગીત ગવાય;
જાતાં વળતાં જગમંદીરને જોતાં આવતાંરે;
ઉપર ઝગે કનકનો કળસ સુંદર સાર;
ખંતીલી ખુબીને નકસીનો નહિં પાર છેરે;
ધોળિ ધ્વજા ફરૂકે ઉંચી ત્યાં આકાશ;— દીનના૦ ૫

(સાખી)

ફરિ ફરિ મુખ ફેરવી જગ મંદીરને જોય;
તૃપ્તી તે દર્શન થકી કદી થાય નહિં કોય,
જોઇ જનો જુક્તિથી મુક્તિ ત્યાં તો મેળવેરે;
દીઠું મીઠું મોટું સુંદર સ્વચ્છીત ધામ,
સુંદર શ્યામ વસે છે રંગીલા રણછોડજીરે;

મેધા મન પોંચાડી દાડી જઇ એ પાસ— દીનના૦ ૬

પદ. (૧૧) મું=અબતો મેરે રામનામ-**એ રાગ.**

રાજા રણછોડરાય સ્હાય છે અમારે;
સ્હાય છે અમારે રાય થાય મારિ વ્હારે.— રાજા૦ ટેક ૧
મારે જખજેરિ જન પાપો થાયે પતન,
ધન્ય ધણી યદુમણી ચડે મારિ વ્હારે;— રાજા૦ ૨
શંખ ચક્ર ચાર હાથ ગદા પદ્મ ધર્યાં નાથ;
ખડગ ધરિ સ્હાય કરિ પાળે મુને પ્યારે.— રાજા૦ ૩
હરકત તોડે હમેશ શોભે સદા શુચી વેશ,
નમે તેને શેષ ને મહેષ મન ધારે; રાજા૦ ૪
મેધા પર મેહેર કરિ દર્શન દે ફરિ ફરિ,
પુરિ દયા દીલ ધરિ બોલાવ્યો પ્યારે;— રાજા૦ ૫

પદ. (૧૨) મું-મેરો મન હરલીનો-**એ રાગ.**

રાજા રણછોડ મારૂં ચીત ચોરિ લીધું,
ચીત ચોરી લીધું ને તેં અભેપદ દીધું;-રાજા રણછોડ૦ ટેક. ૧
મનહર મુરલી ધારિ મારિ પ્રેમ કટારી,
પાપ પતાવી દીધું;— રાજા રણછોડ૦ ૨
બોલાવી તેં તારિ પાસ; ઠરાવ્યો તે તારો દાસ,
વાસ ચરણે રહેવા કીધું;— રાજા રણછોડ૦ ૩
નીરભય તમે કીધાં ચરણમાં સમે લીધાં,
પાદ તીરથ પ્રેમે પીધું;— રાજા રણછોડ૦ ૪
તેથી **મેધો** મસ્ત થયો ભય જમડાનો ગયો;
તારીશ એમ તમે કીધું;— રાજા રણછોડ૦ ૫

પદ. (૧૩) મું (કોય મહીનાં તો મુલતાવોરે મીઠડાં) **એ રાગ.**

કોય દેખો તો દ્વારકેશ દેવારે,
કેવા છે સારારે છે સારા;— ટેક.
હુંતો હેતે કરીશ એની શેવારે,
લાગ્યા એ પ્યારારે એ પ્યારા— કોય દેખો તો૦ ૧
જગ વિષયમાં જીવ કોણ ઘાલે,
હુંતો વંદુ વાલમને વહાલેરે;—લાગ્યા એ પ્યારારે એ પ્યારા૦ ૨
જોતાં ઝાંખી તુરત ચીત ચોરે,
પ્રેમસાગરમાં જાતાં ઝબોળેરે;— લાગ્યા૦ ૩
મુર્તિ કેતાં મુને લાજ લાગે,
સાક્ષાત સોહે મ્હારિ આગેરે;— લાગ્યા૦ ૪
ચરણચુશીને પ્રેમથી ભેટું,
જમવારો જાણે અહિં લેટુંરે;— લાગ્યા૦ ૫
નથી જોતું સંસારસુખ મારે,
હુંતો રમું રંગીલાની હારેરે;— લાગ્યા૦ ૬
જીવ મારો જગરાયમાં જામ્યો,
મહાસુખડાં મેઘો આહીં પામ્યોરે;— લાગ્યા૦ ૭

પદ. (૧૪) મું નમું લક્ષ્મીનારાયણ આપને જો **એ રાગ.**

દ્વારામતીપતી દાસના પ્રણામ છે જો,
ભીતર ભેટવાની હૈયે ઘણી હામ છે જો;—દ્વારામતી પતી ટેક. ૧
કરૂં કરગરિ પ્રણામ તે કબુલ જો જો,
ભુલી ભમ્યાં અમે તમે નહીં ભુલજો જો; દ્વારમતિ૦ ૨
કદી છોરૂ તે કછોરૂ બની જાય છે જો,
માત પીતા તેને વીસરી ન જાય છે જો;— દ્વારા૦ ૩

અમે સમજ્યાં શ્રી સંત અનંતથી જો;
કરો શરણુ સ્વામી ખામી હરો ખંતથી જો;-- દ્વારા૦ ૪
મેઘા મંદીર આવીને કહે આપને જો;
ભાવ ભક્તિ ભરો હરો સહુ પાપને જો;-- દ્વારા૦ ૫

પદ. (૧૫) મું (નમું નમું શ્રી રણુછોડરાય) **એરાગ.**

જોવા જેવી જગપતી તણી જોડ,
દ્વારામતીના દેવ દયાળુ રૂકમણી રણુછોડ; (૨) બેવાર.
રણુછોડ, પુરે કોડ જુગલ જોડ, શીરના મોડ,
જોવાજેવી જગપતી તણી જોડ;-- ૧
ઝગમગતા જગમંદીરમાંહે મંદ હાસ્ય મૃદુ ગાલ (૨)
મૃદુગાલ, હંસી ચાલ, ભાલ વિશાલ તિલક રસાલ;
જોવાજેવી જગપતી તણી જોડ;— ૨
શંખ ચક્ર કર ગદા પદ્મને કંઠ હીરાના હાર (૨)
હીરા હાર, ખુબીદાર, બેહેકે અત્તર ભભકદાર;
જોવાજેવી જગપતી તણી જોડ;-- ૩
મોતી તુરરા મોર મુગટ કુંડળ મકરાકારી (૨)
મકરાકારી, શોભા ભારી, બલીહારી, દેવ મુરારી,
જોવાજેવી જગપતી તણી જોડ.-- ૪
મન માન્યા મેઘાયે દીઠા મીઠા સુંદરસ્યામ; (૨)
સુંદરસ્યામ પુરણકામ ઉભા આહીં આઠુ જામ;
જોવા જેવી જગપતી તણી જોડ;-- ૫

પદ. (૧૬) મું (તજો તમે કેફ કરમ કરવું) **એ રાગ.**

દીઠા દેવ દ્વારામતીના પતી,
એના જેવો જગમાં મેં જોયો નથી;-- દીઠા દેવ૦ ૧

ભાંગે ભીડ ભકતો તણી એ ધણી;
એવા દેવ દ્વારીકાંધીશ ધણી; દીઠા-૨
પુરિ ચીર રાજી કરી દ્રૌપતી;
હણી હેતે સુદામાની વીપતી; દીઠા-૩
સમે સમે નરસીની સાહાય કરી;
મીરાં જેના ચરણોમાં થીર ઠરી; દીઠા-૪
હાંકયો હેતે અર્જુનનો રથ હાથે;
ગયા ડાકોરે બોડાણા સાથે; દીઠા-૫
એણે આજે અમને દર્શન દીધાં;
મેઘા મન મંગળમય કીધાં; દીઠા-૬

પદ (૧૭) મું. (કાનરે પાલવડો મારો.) એ રાગ;

શ્યામરે પ્રીય બંસીવાલા દ્વારીકાંનાથ દયાલરે,
રાય છેલછબીલા; લીલા તારી અપાર. ટેક.
છેલછોગાળા દેવદયાળા સ્વામી જગ સ્રજનાર;
શ્રૃતિ વિસ્તારે શેષ વખાણે;
કોય ન પામ્યા પારરે; દેવ દ્વારીકાંવાળા;
લીલા તારી અપારરે. પ્રીય બંસી-૧
સર્વે દેવના આપ દયાળુ; આદી દેવ છો દયાળ;
તે તનધારી વ્રજેં પધારી;
બન્યા છો નંદના બાળારે; દેવ દ્વારીકાંવાળા
લીલા તારી અપારરે પ્રીય બંસી ૨
માન મોડયું ઇંદ્રરાયનું ઉતાર્યું અભીમાન;
કરપર ગોવર્ધનને ધાર્યો;
માર્યો કંસ નાદાનરે, દેવ દ્વારીકાવાળા;

લીલા તારી અપારરે. પ્રીયબંસી–૩
દુર્યોધનના મેવામુકીને આરોગ્યાં ભાજી પાંન;
વાસુદેવ દેવકીને દયાથી;
છોડાવ્યાં બંધીવાનરે; દેવ દ્વારીકાંવાળા
લીલા તારી અપારરે. પ્રીયબંસી–૪
ગાયો ચારી માસી મારી માંડયો વનમાં રાસ;
ગોપ ગોપીને સંગે રમીને;
કીધો વ્રજમાં વાસરે; દેવ દ્વારીકાંવાળા;
લીલા તારી અપારરે; પ્રીયબંસી–૫
જાતજાતની જમુના કીનારે કરિછે લીલા લાલ;
ગોમતી કીનારે આવિ રાજા બની ગયા;
ગયામટીગોવાળરે; દેવ દ્વારીકાંવાળા;
લીલા તારી અપારરે; પ્રીયબંસી–૬
ત્યાંથી નાઠા દીઠા ડાકોરમાં; આવ્યામાંગરોળ ગામ;
અનેક નામ ધામ લીલા તમારી;
શું કહે મેઘો ગુલામરે; દેવ દ્વારીકાંવાળા;
લીલાતારી અપારરે; પ્રીયબંસી–૭

પદ (૧૮) મું. (ખોટ ખાધી શ્રીનાથ ખોટ ખાધી.) એ રાગ.

રંગ રાખ્યો રણછોડ રંગ રાખ્યો, ભવ બંધનથી છોડીનાખ્યો.
રણછોડ રંગ રાખ્યો; ટેક.
ઠીક તેડાવ્યો તારે ઠામે, સુખ થયું તારે સહુનામે;
દીન જાણીને દાસ મુને દાખ્યો; રણછોડ–૧
વાટ સીદ્ધી તે દીધી બતાવી; પ્યાર ધારીને પીડા પતાવી;
તુજ કૃપાથી રામ રસ ચાખ્યો. રણછોડ–૨

આપ અસંખ્ય છો ઉપકારી; વેરાવી પીડાપરખારી;
વાંક મારો તમે બહુ સાંખ્યો રણછોડ-૩
તમે દયા કરી દ્વારિકેશ; મટાડયો મારા મનનો કલેશ;
તેથી મેઘે ભજન મુખે ભાખ્યો. રણછોડ-૪

પદ (૧૯) મું. (વ્હાલા વેંકટવર પ્યારા સંકટહર.) એ રાગ.

ખમ્માં રણછોડ રાય; ખમ્માં રૂકમણી માય;
ખમ્માં બલદાઉજી દયાળારે; ટેક.
દીઠા શ્રી દ્વારકાં; બીરાજે બેટમાં:
ડાકોરમા દરશાણારે; ખમ્માં૦ ૧
લીલા અલૌકીક કીધી કલીયુગમાં;
પર્વત ઘેર પધાર્યારે; ખમ્માં૦ ૨
મીરાંને સ્વદેહ લીધાં ચરણમાં;
મરણ જનમ ઝટ ટાળીરે; ખમ્માં૦ ૩
ગયા પંઢરપુર થયા વીઠ્ઠલવર;
કર કટિપર બેઉ રાખ્યારે; ખમ્માં૦ ૪
વેગે વિમાન તમે મોકલ્યું તુ કાને;
સ્વદેહે સ્નેહથી સ્વીકાર્યારે; ખમ્માં૦ ૫
નરસી મેતાને ઘેરનીતરેતા;
દેતા હેતે હાર હાથેરે; ખમ્માં૦ ૬
મેઘાને આઘો કરો ન નટવર;
દયા યદુવરલાવોરે; ખમ્માં૦ ૭

પદ (૨૦) મું. (રાગ ઉપર મુજબ.)

દીઠા શ્રી દ્વારકેશ; મીઠા મનહર વેશ;
સ્વામી સ્વદેશમાં બીરાજ્યારે; ટેક.

ઓખામંડળમાં; મંગળમય ધામમાં:
નામ રણછોડરાય રાખ્યુંરે; દીઠા૦ ૧
પગમાં છે ઝાંઝર તેપર પીતાંબર;
ઉપર જામો ઝગમગ તોરે; દીઠા૦ ૨
હારોની બ્હાર વળિ; તે પર ખુબીદાર;
હૈયે હામેલહીરાવાળીરે; દીઠા૦ ૩
ચતુર્ભુજાપર શોભે બાજુબંધ;
મુર્લી ગેડી મોહકારીરે; દીઠા૦ ૪
શંખ ચક્રકર ગદા પદ્મ ધર;
મુખાંબુજપર બલીહારીરે; દીઠા૦ ૫
કેશર કસ્તુરીની આડ લીલાડમાં;
કર્ણ કુંડળ અતી ઓપેરે. દીઠા૦ ૬
ઉર્ધ્વ પુંડ્ર અતી ઓપે હીરાનું;
તે પર મુકુટ કીટ ધારીરે; દીઠા૦ ૭
મેઘો મનમાં ન માય ગોવીંદના ગુણ ગાય;
ચર્ણકમલ બલીહારીરે; દીઠા૦ ૮

પદ. (૨૧) મું. (હવે મુને હરી નામથી નેહ લાગ્યો.) **એ રાગ.**

રસીયા રાજા રણછોડજી હવેરીઓ;
નથી તુજવીનાં બેલી બીજોરે. રસીયા રાજા૦ ૧
દ્વારીકાધીશ શીશનામીને ચરણમાં પ્રભુ;
પ્રીતે કરૂં છું પ્રણામ,
પ્રયન્ન જાણીને થાઓ પ્રસન્ન પ્રભુજી મુને;
ગણોપ્રીય પોતાનો ગુલામરે. રસીયા રાજા૦ ૨
રાજા મહારાજા મેં જગતના જોયારે;

જોઇ રે સ્વરગની બધી ચીજો;
સારવીનાનો સંસાર લાગ્યો છે મુને;
હવે નહીં દેશોજ જન્મ બીજોરે. રસીયા રાજા૦ ૩
દોષ દયાથી દાદા દીલે ન ધારીરે;
દાસ મેઘાને ન ખીજો,
મરણ સમય મારી પાસે પધારો પ્રભુ;
જીવનને ન ઝાલેકોઈ બીજો રે. રસીયા રાજા૦ ૪

પદ. (૨૨) મું-રાગ-(પુંનમચાંદની.)

રસીયા રંગીલા રાજા રીઝો રણછોડજીરે,
મારા મનરંજન ભયભંજન હે ભગવાન;— ટેક.
હુંનાદાન તમારે શરણ પડયો છું સ્વીકારજોરે,
ટાળિ દેજો મારા તન મનના વિકાર;
સ્વીકારી શુદ્ધ કરિને શરણે મુજને રાખજોરે;
ના લાયકને લાયક કરજો સુંદરસ્યામ;— રસીયા૦ ૧

(સાખી)

રાત દીવસતુજને રટું એવું કર કીરતાર;
ભવરણથી રણછોડજી છોડ મને આવાર;
મીરાં મેતા તુકા તુલસી પાસે રાખજોરે,
દેશો નહીં દુખદાયક સંસારે અવતાર;
કરો ભવપાર વીભુ મુજ જન્મ મરણને ટાળીનેરે,
ખપાવી નાખો સર્વે પાપ પુણ્ય આવાર;— રસીયા૦ ૨

(સાખી)

ચીરંજીવ તવ ચરણમાં રહેવાની છે આશ;
અખંડ શેવા આપની આપો શ્રી અવિનાશ;

દાસ બનાવો દાદા દ્વારામતી પતી આપનારે,
કરો સહુ પાપોનો સામળિયાજી સંહાર;
પુન્યનાં પાછાંફળ ભોગવવાને નવ મોકલોરે;
કરજો પાપ પુન્યથી રહીત શ્રીરણછોડ;- રસીયા--૩
પરમ શ્રેય પ્રભુજી કરો; આણી કરૂણા આજ;
હીત મારૂં હરિ મુજને નહી સુજે મહારાજ:
શીરના તાજ તમારે હાથ રંકની લાજ છે રે,
આજ અદ્ધમ જાણી કરજો મારો ઉદ્ધાર.
મનમોહન મેઘાને મરણ સમે નવ મુકશોરે;
મારા અંતસમયના સાચાછો આધાર;— રસીયા–૪

પદ (૨૩) મું–સીતા અને રામજીરે રાધા અને કૃશ્નરે
સંસાર સીંધુતારશેરેજી (**એ રાગ.**)

રણછોડરાય રૂપાળારે પ્રભુજી પરમ કૃપાળારે;
કરૂણા કીંકર પર કરોરેજી; ટેક.
એજી મહારા દેવ શ્રીદ્વારિકાં નાથ.
હાથહરિ ઝટ ઝાલોરે જન્મ જાયછે ઠાલોરે;- કરૂણાકીંકર–૧
એજી મહારા વસમી વેળાનારે વિશ્રામ,
સુખધામ શ્રીમુખ દરશાવોરે; પ્રેમેપદ પરશાવોરે- કરૂણા–૨
એજી મહારા મનહર રાજા શ્રીરણછોડ;
જન્મ મરણથી છોડોરે સદા સેવમાં જોડોરે;- કરણા–૩
કર નવ છોડો છેલ છબીલા મારા શ્યામ;
તાત નહીં તરછોડોરે નહિં જોશો મૂજ ખોડોરે?- કરૂણા–૪
આવારે તો અનુગ્રહ કરજો કૃપાનાથ.
હાથ ઝાલી લૈ જાજોરે; દેહ છેલ્લી આ થાજોરે;- કરણા–૫

હરી ચરણુને શરણે મેઘાને દ્યો વિરામ.

તમ્મામ આપદા ટાળોરે; શ્રેય કરી સંભાળોરે;- કરણા-૬

પદ (૨૪) મું–વિઠુબા...વિઠુબા...વિઠુબા...વિઠુબા એ વ્હાલા–એ રાગ

દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ;
દાદા દેખાડો હવે તો દીવ્યદેશ;- ટેક.
અસાર આ સંસારે સડતાં વર્ષ વહ્યાં છે, વિશેષ;
દુર્દશા દુરદેશપડયો છું.
નડયો હું છુંજ મુને હમ્મેશ;
દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ દાદા દેખાડો -૧
દીઠી દ્વારામતી વિપત્તિ ન વિસરી;
હજી મન મુકે નહીં દ્વેષ; ઘડીઘડી ઘુંચવી પાપમાં પટકે,
વ્હેલી વ્હાર કરો વિશ્વેષ;
દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ દ્વારકેશ; દાદા દેખાડો -૨
દુનિયાના દુખદાયક દવથી દાજી થયોછું બલહીણુ;
ક્ષીણ થઇછે રણછોડ મતી મુજ
તુજ વિણ સુજશે નદેશ;
દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ—દ્વારકેશ: દાદા દેખાડો -૩
આજ દ્વારામતીમાં અતીમહાલતાં;
પર્વત મીરાં મહેતો હમેશ; હું પણ તેમાં હરૂં ફરૂં છું.
છતાં શીદ આપે મન કલેશ;
દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ, દાદાદેખાડો -૪
ખરી ખુબી તારા દીવ્ય ધામની, દીવ્ય દેખાઓ દ્વારકેશ,
દીન મતીહીન મેઘજી માગે,

દીવ્ય શેવા સોંપો હમેશ,

દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ...દ્વારકેશ; દાદા દેખાડો ૫

પદ (૨૫) મું—ઐસી હમારી જાતકી હમકાં ખબર નથી.—એ રાગ.

દીખા દે દ્વારકેશ તેરી દીવ્ય આકૃતી,

દયાસે નહીં દેખ દુલા મેરી કુકૃતી; ટેક.

કૃતી પ્રકૃતી કે લીયે હે વીપ્રિત રિતી,

નહીં હૈ મેરિ પુરી બાતેરે પાદમેં પ્રીતી. દીખાદે-૧

ન ધર્મ કર્મ જ્ઞાન ભક્તિ, નેમ નહીં નિતી;

પડા હું માત્ર શરણ કરો મરણકી ઇતી. દીખાદે-૨

મરણ જનમકે મારસે મેરિ મુંઢ ભઇમતી,

કેવલ કૃપાસે છોડ તું રણછોડ કર પ્રીતી. દીખાદે-૩

હોતા હું નષ્ટ કષ્ટમેં નહીં રહત હૈ ધ્રતી,

કૈસે કરૂં મૈં ધ્યાન હૈ તુફાન મન પ્રતી.— દીખાદે-૪

ભરો હૃદયમેં ભાવ કરો દુર વિપત્તી,

સમસ્ત શ્રેય સાર તેરા પ્યાર પ્રપત્તી.— દીખાદે-૫

કર મેઘજી કે પર કૃપા પ્રીય દ્વારીકાંપતી;

તેરેબીનાં ત્રીલોકમે નહિં અન્ય હૈગતી.— દીખાદે-૬

પદ (૨૬) મું—હરિ છોરે સુખકારક સહુના અગણીત બહુનામી—એ રાગ.

રાજારે રણછોડ ધીરાજા ગોમતિધીશ ધણી,— ટેક

ગોમતિધીશ ધણી કરી કરૂણા કીરતાર ધણી;— રાજારે-૧

નર્કદ્વાર નારિથી છોડયો, જોડયો પદમાં આજ,

સંતશિરતાજ, રાખી તેં લાજ, દાખી દીલ દાજ;

ઇશ અનહદ ગુણ અગણીત તારા હું કદી શકું ન ગણી,—રાજારે-૨

એક વિનંતી આપને હું કરૂં જોડીને હાથ,

દીન ને રાત, હર્ષની સાથ, તારી પ્રીય વાત;
કરૂં એવું ઉર અખંડ કરજો, રહું પ્રીય પપન્ન બણી.—રાજારે-૩
અંત ખંતે ખરા બેલી સ્હાજો મ્હારી બાંય,
ગુણો તુજ ગાય, પડું તુજ પાય, જગતથી ત્રાહિ;
હરિ ખરી વખત **મેઘાના** મનપર, રહેજો સ્વાર બણી.—રાજારે-૪

પદ (૨૭) મું—નથી સગું કોઈ અવનીમા તારૂં ભાઈ—**એ રાગ.**

રણછોડરાય રણછોડરાય સુખદાય સદા દુઃખહારી;
નીજ જનને નહિં વીસરે લેશે સહુને સંભારી.— ૧
નરસી મહેતા નરસી મહેતાને ગણ્યા નયનથી પ્યારા,
અગણીત ભકતો તારનાર છે સદૈવ સ્વામી મારા.— ૨
દ્વારામતિના દ્વારામતિના **દેવેશ** સદાસંભારૂં,
સમરૂં તુજને નામ તમારૂં લાગ્યું મુજને પ્યારૂં.— ૩
અંતર પેટિ અંતર પેટિમાં લીધા છેજ લપેટી,
ધરિ ધ્યાન ઉરમાં અમે તો રહ્યાં હ્રદયમાં ભેટિ.— ૪
મળશો અમને મળશો અમને સાક્ષાત સ્હાય થઇ અંતે
તારી પુરી કૃપા થકી ગાએ **મેઘો** ગુણ ખંતે.— ૫

પદ (૨૮) મું—કેવો ઠાઠ જમાવ્યો છે ગોવાળીયેરે—**એ રાગ.**

ચાલો નીરખીયે દ્વારીકાંધીશને રે;— ટેક.
શ્રીનો નાથ દયાળુ જગત ઈશ છે દયાળ. નીરખીયે—૧
ગુણીજન ગુણગાન કરે છે બહુરે,
રાજા રણછોડરાયની પાસ ધરી આશ.— નીરખીયે—૨
દીનોનાથ છે દયાળુ દ્વારકાંપતીરે,
મતીમંદને ખરો સુધારનાર છે દયાળ.— નીરખીયે—૩

દેશ દેશના વિશેષ માનવી મળે રે,
ખાસ મુક્તિનો મુખ્ય દરબાર છે દયાળ.— નીરખીયે—૪
અધ ગોમતિમાં અપાર હણાય છેરે,
નાતાં નીરમળ થાય છે દેહ છે દયાળ.— નીરખીયે—૫
સ્વર્ગદ્વાર ચડી દેખો દીનાનાથનેરે,
શંખ ચક્ર ગદા પદ્મ ચારે હાથ છે દયાળુ.— નીરખીયે—૬
પુષ્પ તુલ્સી પુરા પ્રેમથી ધરાવિયેરે,
પદ સ્પર્શી જવાય બલીહાર છે દયાળ.— નીરખીયે—૭
સાત પુરિયોમાં દ્વારકાં પુરિવડીરે,
ચાર ધામમાં સોહામણું છે ધામ છે દયાળ.— નીરખીયે—૮
પાપ અમાપ જનમના અહિં બળેરે,
મળે માનવને વૈકુંઠ સુખ છે દયાળ.— નીરખીયે—૯
જેવો જાય તેવો જન્મ સફળ થાય છેરે,
રૂડા નિર્ખતાં શ્રી રણછોડરાય છે દયાળ.— નીરખીયે-૧૦
પુરો મહીમા કોયે કવિ ન કહિ શકે રે,
સરસ્વતી શેષથી ન વર્ણવાય છે દયાળ.— નીરખીયે-૧૧
મળ્યો દાવ ગાવ ગુણ પુર્ણ ભાવથીરે,
મેઘા માનવિ થયાનો લયેં લ્હાવ છે દયાળ.—નીરખીયે-૧૨

પદ (૨૯) મું–દીલ લગાયે રામ ફકીરીમે–**એ રાગ.**

દ્વારામતિ પતિ પ્રભુ છો પ્યારા, દ્વારામતિ પતિ પ્રભુ છો પ્યારા,–ટેક
ધ્યાન તમારૂં નીશદીન ધારૂં, ધ્યાન તમારૂં નીશદીન ધારૂં;
હ્રદયકમળમાં રહેનારા.— દ્વારામતી—૧
શંખ ચક્ર કર ગદા પદ્મ ધર, શંખ ચક્ર કર ગદા પદ્મ ધર;

કંઠ હિરામણીની માળા; દ્વારામતી—૨
બંસી છટારી છડી છે ધારી, બસી છટારી છડી છે ધારી;
પદ કમળો લાગે પ્યારા.— દ્વારામતી—૩
સનત સનંદન સનક સનકાદીક, સનત સનંદન સનક સનકાદીક;
ચારે ચરણુમાં વસનારા.— દ્વારામતી—૪
મુખ મનહારી છબી છટારી, મુખ મનહારી છબી છટારી;
એ છે **મેઘાને** મન પ્યારા.— દ્વારામતી—૫

પદ (૩૦) મું–મોહોલે પધારો–એ રાગ.

મનરંજન રણછોડરાય, રૂપાળાને નીરખીશ ક્યારે;— ટેક.
એના ચરણોમાં ચીત લલચાય, રૂપાળાને નીરખીશ ક્યારે.–મનરંજન–૧
(સાખી) સુંદર ગંભીર ગોમતી, બાંધ્યા ઘાટ ઘણાય, જણાય જગમંદીર વિશે;
ધનસ્યામ જગતનોરાય, રૂપાળાને નિરખીશ ક્યારે;—મનરંજન–૨
(સાખી) બોડાણાના બેલ લઈ જેણે હાંકાવેલ, છમાસ કેરા પંથને;
કાપી એક રાત્રીમાં પહોંચેલ, રૂપાળાને નીરખીશ ક્યારે.–મનરંજન–૩
(સાખી) ચડી આવી વિપતિ અતિ સતિ દ્રૌપતી શીર; તેવખતે તેં તાંતણે;
પુર્યાં નવસેં નવાણુ ચીર, રૂપાળાને નીરખીશ ક્યારે;– મનરંજન–૪
મોર મુગટ ચીત ચોરને ચરણે મીરાં સમાય; એવા એ અલબેલડા;
જોઇ જનમ સફળ ક્યારે થાય, રૂપાળાને નીરખીશ ક્યારે.–મનરંજન–૫
મેઘા મન લલચાય છે જોવા જગનોરાય, ક્યારે નેત્રે નિરખીયે;
એવો આવે દીવસ સુખદાય. રૂપાળાને નીરખીશ ક્યારે.–મનરંજન–૬

પદ (૩૧) મું.–ખમ્મા રાજા કેશ દયાળા—એ રાગ.

રીઝો રાજા રણછોડરાય રૂપાળા, રમાપતી રળીયામણા;
રોજ રટતાં આજ નીહાળ્યા, રીઝો રાજા રણછોડ રૂપાળા.—ટેક.

અહીં દાસો ને કાજ, ઉભા છો શીરતાજ;
રાખો રંકની લાજ, દીલે ધરીછો દાજ;
દીનોના દીન વાળ્યા, પુરા પ્રેમે તેં પાળ્યા;
રણછોડરાય રૂપાળા.— રીઝોરાજા—૧
મનસુખ માટે મેતાજી થૈને રહ્યા છો રાજી,
નથી થઇ વાર ઝાઝી આતો છે વાત તાજી;
કોટિ અંડના નૃપાળા કેવા દીસો છો કૃપાળા,
રણછોડરાય રૂપાળા— રીઝોરાજા—૨
એવા પર્ચા અનંત, કેતાં ના આવે અંત;
કરો મુને સાચો સંત, રીઝો રીઝો શ્રી કંથ;
મેઘજીને માની બાળા, આવીને મળો દયાળા;
રણછોડરાય રૂપાળા.— રીઝોરાજા—૩

પદ (૩૨) મું-(રાગ ઉપર મુજબ.)

જયજય ગોવીંદા ગીરધારી, દ્વારકાંધીશ દયાનીધી;
રણછોડરાય મુરારી; જયજય— ટેક.
વારૂં તુજપર પ્રાણ સાચાં સુખોની ખાણ;
દાદાજી દ્યોછો લાણ, કરૂં કેમ વખાણ.
અસંખ્ય ઉપકારી, કૃપા રહે છે જારી;
ગોવીંદા ગીરધારી.— જયજય—૧
હતો હું મહા પાપી, પોપો તેં નાખ્યાં કાપી;
તારી તેં ભક્તિ આપી દીધો તેં દાસ સ્થાપી;
કીધી તેં કૃપા ભારી; નહી તો થાત ખુવારી;
ગોવીંદા ગીરધારી.— જયજય—૨

શીશુથી તે શું બને; અશક્ત તને ધને;
સંભારૂં સાચે મને, રાખો કૃપાળુ કને;
વ્હાલા શ્રીવત્સ ધારી, લેજો અમને ઉગારી;
ગોવીંદા ગીરધારી;— જયજય—૩
ગાઉં ગુણ ગોવીંદ. સેવું સાચા ખાવીંદ;
મનહર મુખાર્વીંદ અઘહર ચર્ણાર્વીંદ;
મેઘાપર મહેર કરી, દર્શન દેજો શ્રીહરી;
ગોવીંદા ગીરધારી.— જયજય—૪

પદ (૩૩) મું–(રાગ ઉપર મુજબ.)

રાજા રણછોડ ગોવરધનધારી, આપે અનેક લીલા કીધી;
ભરતખંડ મધ્ય પધારી; રાજા–ટેક.
વ્હાલા વ્રજે પધારી; લાલા થૈ ગાયો ચારી;
પીધાં જમનાંનાં વારી; માસી મેહેલમાં મારી;
મનહર મુર્લી ધારી, રમ્યા રાસ મુરારી;
રાયરણછોડ ગોવરધનધારી.— રાજા–૧
નાથ્યો તેં નાગ કાળી, કુદ્યા કદમડાળી;
દીઠી દ્રષ્ટિ રસાળી, ખાધી ખંતેથી ગાળી;
મામાને નાંખ્યો મારી, આશ્રીતો લીધાં ઉગારી;
રાય રણછોડ ગોવરધનધારી.— રાજા–૨
ઉપાડી ત્યાંથી સ્વારી, આવ્યા શ્રી દ્વારાપુરી;
વ્રજવાસી રહ્યાં ઝુરી ગુગળી ગણ્યા હજુરી;
બેલ બોડાણાના ધારી, દોડાવી ડાકોર સ્વારી;
રાયરણછોડ ગોવરધનધારી.— રાજા–૩

ગયા ગુગળિ વ્હારે, પાછા શેન પધારે;
રૂપ બીજું કાંન ધારે, ધામ ધાર્યા બેઉ ભારે.
રૂપ રાખ્યાં ઝાઝાં જારી, પાપીને પાવનકારી;
રાયરણછોડ ગોવરધનધારી.— રાજા-૪
દેવલ દોનું છે ભારી, ગોખ બારીને અટારી;
વશ્યા છે માંહે મોરારી; બેઉ રૂપે ઉપકારી.
ગણી ગુજરાત પ્યારી, ઓખાને આનંદકારી;
રાયરણછોડ ગોવરધનધારી.— રાજા-૫
અનંત લીલા તારી. કે તાં હારે મતી મારી;
રસીલા લાલાગીરધારી, ઓથ અમે તારી ધારી.
મેધાના મનહારી, વસો મનમાં મુરારી;
રાયરણછોડ ગોવરધનધારી.— રાજા-૬

પદ (૩૪) મું-(રાગ ઉપરનો.)

આહા આજે રાધે ગોવીંદ ગાશું,
સજજન સહુ સંગે મળી દ્વારામતીમાં જાશું. આહા-ટેક.
સાથે સર્વે સત્સંગી માથે શ્રી વત્સસંગી,
રાજા રણછોડ રંગી દોડે દીલ ઉમંગી;
આહા આનંદ આ શું ગોમતીજી નાવા જાશું.- આહા-૧
નિર્ખી રસીલા લાલા, લાગશે વધુ વ્હાલા;
કરૂં કંઇ કાલાવાલા, સ્વીકારે જાણી બાલા;
પ્રસાદી પ્રીતે ખાશું, ધ્યાન ધારી નિત્યે ધ્યાશું.- આહા-૨
આયુષ એળે ન જાશે, સંસાર સફળ થાશે;
ગીરાથી ગુણો ગવાશે, પ્રીતીથી પાસે જવાશે.

જોઈ છબી મોહી જાશું, સચ્ચીદાનંદને ચહાશું.- આહા-૩
મેધાનો મનોહર ધણી, કંઠે કૌસ્તુભ મણી;
છબી શ્રીનાથતણી; રહેશે હૃદય ભણી;
પ્રીતીથી પાસે જાશું, સેવામાં સામીલ થાશું.- આહા-૪

પદ (૩૫) મું-(બન ગયો ભેદ) —એ રાગ.

સરવસ સુખના સીંધુરે રણછોડરાજા;— ટેક.
દેવ દ્વારકાંધીશ દયાળુ મનહારી મહારાજા નિર્ખુ નાથને નયન ભરિને;
રંક ઉપર રાજા છો નિવાજ્યારે; રણછોડરાજા.— સરવસ સુખ-૧
ક્યહાં રંક કંગાલ બાળ હું જેને સેવક ઝાઝા,તોય અમારી શુધ લેસંત્વર;
અઘહર આપે અનુભવ તાજારે, રણછોડ રાજા,— સરવસ—૨
કોટિ અંડના કીર્તારિ તે અહિં કૃપાથિ બિરાજ્યા,સુધારવા શીશુને શ્રીવર;
ધર કરિને છે હૃદયમાં બીરાજ્યારે, રણછોડરાજા.— સરવસ—૩
ગુણ ધારિગીર ધારી તનમાં વાસકરિને ગાજ્યા, તેથી તન હાલે ચાલે છે;
છેલ છબીલા છટાથી છે છાજ્યારે, રણછોડ રાજા.— સરવસ—૪
મનહર મુરલીધર મેધાનો કર ઝાલ્યે નવ લાજ્યા, કેવા મોટા તે છોટાનિ;
છાતિની મધ્ય આવીને બીરાજ્યારે; રણછોડ રાજા. સરવસ—૫

પદ (૩૬) મું-હરકતમાં બહુ બરકત મનવા-એરાગ.

અરચા આપે પરચા પ્રભુની મુરતી તે પુરતી છે;
ઉચરો એની ચરચા પ્રભુની મુરતી તે પુરતી છે;— ટેક.
મુર્તિરૂપ રણછોડરાયજી, ડાકોરથી બોલ્યા;
બેલ જોડીને વેલ હાંકી સવાવાલ વાણીએ તોલ્યા,
પ્રભુની મુરતી તે પુરતી છે.— અરચા આપે-૧
દીઠા દ્વારકાંધીશ દયાળુ મુર્તિરૂપ મનહારી; મીરાંનું મન મોહ્યું તેમાં;

સ્વદેહથીજ સ્વીકારી, પ્રભુની મુરતી તે પુરતી છે.—અરચા આપે—૨
વિઠુબાને ચોખા સ્વપચે ચલાઆત્ર મુખ મનથી, તો તેને મંદીર જયને ભય;
આરોગ્યું તે તનથી, પ્રભુની મુરતી તે પુરતી છે;—અરચા આપે—૩
હોંશ ધારિને નર્સિ નાગરેં લખીતી હુંડી હાથે, પુરા પૈસા પ્રેમે જઈ;
દઈ દીધા દ્વારકાંનાથે, પ્રભુની મુરતી તે પુરતી છે.– અરચા આપે-૪
તમામ ધામેં નામેં મુરતી પણ સાક્ષાત બીરાજ્યા, પરચા કહેતાં પાર ન આવે;
શું લખા જણવું જાજા; પ્રભુની મુરતી તે પુરતી છે.–અરચા આપે-૫
જગન્નાથ શ્રીરંગનાથ દ્વારિકાંનાથ દેવદેવા, બદ્રિનાથ શ્રીનાથ સગુણ;
ઇશ્વિરની કર તું સેવા, પ્રભુની મુરતી તે પુરતી છે.—અરચા આપે-૬
ઠામ ઠામ છે ધણીનાં ધામો રૂચે ત્યાં જઈ રાચો; મેઘાને મન વસી ગયો;
રણછોડરાયજી સાચો; પ્રભુની મુરતી તે પુરતી છે;—અરચા આપે—૭

પદ (૩૭) મું–બન ગયો બેદ–બેરાગ.

ગોમતી તીર વિહારીરે, હરિ મન હારી;— ટેક
અરચારૂપે ત્રીલોક ભુપે લીલા કરી છે ન્યારી, અહિંથી અનેક ધામેં ધાયા;
ભક્તોની ભીડ ભાવેથી વિહારીરે, હરિ મનહારી;— ગોમતીતીર—૧
બોડાણાના બેલ જોડી દોડિ ઑકાર સવારી; સવાવાલ વજનમાં થૈને;
વ્હાલેથી વૈભવ રાખ્યો છે ઝારિરે; હરિ મનહારી.—ગોમતી તીર-૨
પુંડરિકના પ્યારે પ્યાદા પંઢરપુર પધાર્યા, કટિપર કર ધારીને નટવર
ઉભા છો ઇંટપર વિઠુબા વિહારીરે, હરિ મનહારી.—ગોમતી તીર-૨
મનહર અધર મધુર મુર્લીધર ગીરિગોવર્ધનધારી; મંગળપુરમાં પર્વત માટે;
પધારી ગોમતિ સહિત સવારીને, હરિ મનહારી.— ગોમતી તીર—૪
અનેક ધામ વસાવ્યાં આપે અહિં પણ રાખ્યું જારી, મેઘો મોજ કરે તુજ શર્ણે;
દ્વારકાંધીશ ધણી શીશ ધારીરે, હરિ મનહારી;—ગોમતી તીર—૫

પદ (૩૮) મું–ભલે ભાળ્યું મા વ્હાલુ વ્હાલાજીનું ધામ—**એ રાગ.**

ધણી ખમ્માં રાજાના મહારાજા રણુછોડ,
ધણી ખમ્મા રાજાના મહારાજા રણુછોડ.— ટેક
દેવ દ્વારીકાંના પતી પુરો મ્હારા કોડ,
ધણી ખમ્મા રાજાના મહારાજા રણુછોડ.— ૧
સુરબ્રહ્માદીક સેવે સ્નેહે; (૨) બે વાર—
ધામ ભણી ધણી ગણી દાસો કરે દોડ.— ધણી ખમ્માં—૨
અન્ય ન જાણે તુજથી માણે, (૨)
તેને ત્વરાથી તું ભવરંણુમાંથી છોડ.— ધણી ખમ્માં—૩
જગમાં વગ જબરાંની નથી પણ (૨)
જાણ્યા રાજા રાણી રૂકમણી રણુછોડ.— ધણી ખમ્મા—૪
એથો મુંઝાણો ભવ ભયથી, (૨)
તાત વાત સુણી તમે પાડો મ્હારો ત્રોડ·—ધણી ખમ્માં—૫

પદ (૩૯) મું—દીનાનાથ દયાળ નટવર હાથ—**એ રાગ.**

રંગીલા રણછોડમુજને. રંક જાણી છોડશોમાં;— ટેક
રંક જાણી છોડશોમાં તાત મને **તરછોડશો** માં;— રંગીલા—૧
સગાં સંબંધી નહિં સ્હાય સાચાં, કાંઇ કોઇથી થાવું નથી;
માટે માધવ મુજને અંતે આપ જગથી જોડશો માં.— રંગીલા-૨
ભુલ્યો હું ભુલું છઉં ભુલીશ એ ભય છે બહુ;
તે માટે હે તાત તમને, કર્ગરિને હું કહું.— રંગીલા-૩
તુજ વિના ત્રૈલોકમાં, ત્ર્યોક કોય મારૂં નથી;
મેં માન્યું છે નક્કી મનથી. તેથી કહુછું તુને કથી— રંગીલા-૪
જો ચુકયા ચીતચોર તો ન ઔર મારો ઉપાય છે

અંત સમય છે અલબો સ્વામી, દીવસ દારૂણ દુઃખદાય છે. રંગીલા.-૫
દેહિ દુખે બેભાન હું, ભગવાન ભુલું આપને;
તોપણ તાત ન ભુલશો, નહિં યાદ કરશો પાપને.- રંગીલા-૬
કર્યા કર્મો મેં ક્રૂર છે, તેથી જરૂર જગમાં સડું;
દયા કરો દ્વારિકાં પતી તો, ઠીક ઠેકાણે પડું.— રંગીલા-૭
મેશ્વજીનાં માબાપ છો, શ્રી રૂકમણી રણછોડરાજા;
જાણોછો જગના ધણી હું શું કહું હવે બોલ ઝાઝા. રંગીલા-૮

પદ (૪૦) મું-(રાગ ઉપર મુજબ.)

હે દ્વારકાંવાસી અવિનાસી વ્હારેં વેલા આવજો;— ટેક.
વ્હારેં વેલા આવજો. દાસપર દયા દરશાવજો.- હે દ્વારકાંવાસી-૧
દીલપર દ્વારિકાંધીશ તું છે, અખંડ અવિનાશિ ઇશ તું છે;
સચરાચર સ્વામી શ્રીશ તું છે. તારણહારા દીસો તમે-હેદ્વારકાંવાસી-૨
હે રક્ષક રણછોડરાયા, મુંઝાવે છે તારી માયા;
કાયા બદલી બદલી કાચાં, મર્ણ જન્મ મટાડજો.- હે દ્વારકાંવાસી-૩
મતી રહે નહી સ્થીર મ્હારી તેથી થાયે ગતી અકારી;
મર્ણ સમય મુજ પાસ પધારી, ગોવિંદ ગતિયે પહોંચાડજો.- હેદ્વાર૦-૪
સદા ચરણની સેવ દેજે, કરાવજે તુજને ગમે જે;
મેહેર આણી માની લેજે, યથાર્થ મુજથી થાશે નહીં.-હે દ્વારકાંવાસી-૫
તું કરાવે તો તુર્ત થાશે, મુજમાં બળ તારૂં ભરાશે;
તાત તુંમય ત્રીભુવન્ન જણાશે, હું મ્હારૂં મટિ સર્વ જાશે.-હેદ્વારકાંવાસી૬
તારા બળથી શું ના બને, નીરબળ હું વળગ્યો બળિયા તને;
બીર્દાલા ગ્રહી બાંહે મ્હારી બીક બધીએ મટાડજો.- હે દ્વારકાંવાસી-૭

મેઘજી હજી મુઢ છે, અંથી જીવપર ક્રુદ્ધ છે;
તે છોડો રણછોડ સ્વામી, મુજથી તે નહીં છુટશે.- હે દ્વારકાંવાસી-૮

પદ (૪૧) મું-(રાગ ઉપર મુજબ.)

શ્રી દ્વારકેશ દીઠા પછી મુને, અન્ય એકે ના ગમે;— ટેક.
અન્ય એકે ના ગમે, દીલ દ્વારકાંપુરિમાં રમે. શ્રી દ્વારકેશ-૧
એણે મન મારૂં હર્યું છે, એણે ધાર્યું મારૂં કર્યું છે;
તેથી ઉર આ એને વર્યું છે, અન્ય એકે ના ગમે.- શ્રી દ્વારકેશ-૨
શું માનું ઉપકાર એના, ગુણ છે પારાવાર જેના;
પર્વા બીજાંની રહીના, અન્ય એકે ના ગમે.- શ્રી દ્વારકેશ-૩
સમર્થ છે સર્વેશ સ્વામી, હરશે મ્હારી સર્વ ખામી;
રહીશ એને પદે વિરામી, અન્ય એકે ના ગમે.- શ્રી દ્વારકેશ-૪
સર્વ સુખનો સાર એ છે, સ્વાશ્રીત ને ભવ પાર કરે છે;
એને નામે યમદુત ડરે છે, અન્ય એકે ના ગમે- શ્રી દ્વારકેશ-૫
શબ્દ સ્પર્શ રસ રૂપ એનાં, ગંધ સુમંગલમય મજેનાં;
તે મળ્યાથી બીજાં રૂચે ના, અન્ય એકે ના ગમે- શ્રી દ્વારકેશ-૬
તાતતમાં તમ્મામ ટાળે. પ્યારા પુત્ર સમાંન પાળે;
સ્હાય રેહિ સહુ સમૈ સંભાળે, અન્ય એકે ના ગમે- શ્રી દ્વારકેશ-૭
નાથ છે ખુદ લક્ષ્મીજીનો, મળ્યો મુજને સાચો ખજીનો;
ઈષ્ટિ મીષ્ટ છે મેઘજીનો, અન્ય એકે ના ગમે.- શ્રી દ્વારકેશ-૮

(કેરબો) પદ (૪૨) મું—(કરજોડી પ્રહલાદ કહે છે) એ રાગ.

મારા માલિક છે મહારાજા શ્રી રણછોડ રંગીરે;— ટેક
શ્રી રણછોડરંગીરે દોડે ત્યાં દીલ ઉમંગી રે.—મારા માલીક—ટેક

વાંચે નાચે રાચે જાચે જનો ધરીને પ્રેમ,
એના જનનુ એજ વહે છે યોગ અને વળિ ક્ષેમ.—મારા માલીક—૧
પદમાં પોહોચ્યો શાને શોચ્યો કરો ક્રમેથી શેવા,
મીરાં મહેતાપ્રત્યક્ષ પામ્યાં એજ ઉભા છે દેવા.—મારા માલીક-૨
જેવી આંખો તેવું દેખો કહું છું સાચે સાચું,
મળ્યા કળિમાં એજ કૈકને, રાખોનહિ મન કાચું.—મારા માલીક-૩
હાલે ચાલે બોલે છે પણ અંધા એ નહિં દેખે,
ખામી પોતાની આંખોની ને એને જડ લેખે.— મારા માલીક-૪
અંધા બેહેરા બોલે તેનું મન મેધા નહિં ધરશે,
સાક્ષાત શ્રી વર માનીને શેવ સદાએ કરશો.—મારા માલીક—૫

પદ (૪૩) રાગ-ઉપર મુજબ—કેરબો—જોઈ ટિપણુંને-**એ હબ.**

દેખો દ્વારામતી પતીને પ્રીતે ધારી ધારીરે,
પ્રીતે ધારી ધારીરે નિત્યે વ્હાલ વધારીરે.— દેખો—ટેક
આનંદ તણી મુર્તિ મુજને લાગી છે પુરિ આજ,
સૌ સ્વામીનો સ્વામીએ છે; સૌના શીરનો તાજ.— દેખો—૧
એ પામ્યાં તે સર્વે પામ્યા શ્રુતિ તણો છે સાર,
ભકતો ભોગવતા ભાવેથી, પામ્યા ભવનો પાર.— દેખો—૨
પર્વત પીપો મીરાં મહેતો બોડાણો બહુવાર,
આવી એને સેવિજાતા બન્યાં જ બેડોપાર.— દેખો—૩
આધ્ય અંતને આજે પણ છે પ્રતક્ષએજ પ્રભાવ,
સાધ્ય સંતને સાચે સાચો ભાંસે જેવો ભાવ;— દેખો—૪
મેધાને મન માલીકએ છે સર્વ સ્વામીથી મોટો,
બીજા સ્વામી ચાર દીવસના અંતે વળતા ગોટો.— દેખો—૫

પદ (૪૪) મું-વિંઝાના ધન્ય છે—એ રાગ.

રાજા રણછોડજી, છોડો ભવરણથી હે ભગવાન; ભય ભારે છે, જન્મ મરણનો;
મન મસ્ત મુકે ન તોફાન.— રાજા રણછોડજી—૧
અસ્થીર મુજમન દ્રઢ રહે નહીં, બને નહીં આપ આપનુ ધ્યાન.-રાજા-૨
ભુલ્યો ભમું છું ભવ જગલમાં, મન મારૂં મુજને કરે છે હેરાન.-રાજા-૩
મોહ નિશામાં મન ઘેલુ છે; પટકે પાપોમાં મુજને નિદાન.-રાજા-૪
ચિત્તસુધારો, પ્રેમ વધારો, મેઘાના મન પર પધારો શ્રીમાન.-રાજા-૫

પદ (૪૫)મું-સીતારામ; સીતારામ;

સીતારામ; સીતારામ; સાચો-એ રાગ
રણછોડ...રણછોડ...રણછોડ...રણછોડ રાજા;
ભણુરણથી તું હવે છોડ; ટેક.
સગાં સબંધી બહુ બંધનરૂપ છે;
છોડનાર માત્ર રણછોડ; તારિસ્હાય વીણુ છુટું તેમ હું નથી-
કરગરિ કહું છું પાડ તોડ;- રણછોડ...-૧
હરકતકરતા હુજ છું મુજને;
મન મારૂં કરે દોડમ દોડ દાદાદયાધર દ્વારકાંવાળા,
ચિત્ત તારા ચરણોમાહે ચોડ. —રણછોડ...-૨
જન્મ મરણની ઘટમાળ ટાળી;
દીનવાળિ દાસત્વમાં જોડ; તુકો તુલસીને મીરાં જે સ્થળે માણે;
તે સ્થળે લૈઈ પુરો કોડ.- રણછોડ—૩
દોષ ક્ષમાકરી દયાદીલે ધરી,
પ્રીય પ્રાણુ પડદો હવે તોડ, અખંડ રંગ રહે ઉરે તારો;
એવી ભાવ ભક્તિ માંહે જોડ.— રણછોડ—૪

મેઘો મુરખ કશું, બીજું ન સમજે;
રૂચે નહિ બીજું રણછોડ, હૃદયમાં વસી, શ્રેયકરાવી,
સાચવજે; શીર મોડ.— રણછોડ૦ ૫

પદ. (૪૬) મું—રાગ (સોરઠ.)

રંગ રાજા મહારાજા રણછોડ; મહારાજા ધીરાજા બીરાજ્યા.— ટેક.
સંગરાણી રૂકમણીની જોડ— રંગ રાજા મહારાજા રણછોડ૦ ૧
હૃય ચરણકમલમાં બીરાજે; સનત્ત કુમારોની જોડ—રંગ રાજા૦ ૨
જાંબુવતી રાધા સત્યભામા, લક્ષ્મી તણી રૂડી જોડ;
પ્રીય પટરાણી પાસે બીરાજે; ન એકેમાં દીશે ખોડ—રંગ રાજા૦ ૩
એજ મનોહર મળ્યા મેઘાને મટી દુનિયાંમાંથી દોડ;
ચરણકમલમાં અમલ કરૂંછું; શ્રીવર સેવાથી ન છોડ—રંગ રાજા૦ ૪

પદ. (૪૭) મું—વારિ જાઉં રે સાંવરીયા.—**એ રાગ.**

વારી જાઉં રંગીલા રાજા રણછોડજીરે; ભવ રણછોડજીરે.—ટેક.
શંખચક્ર મુર્લી કર ધારી; જય જય જગપતિ દેવ મુરારી;
બલિહારી પ્યારા તેં પુર્યાં કોડ જીરે— વારી જાઉં૦ ૧
સમય સમય મારી શુધ લીધી; પ્રેમભક્તિ સદ્બુદ્ધી દીધી;
કીધી કૃપા મટાડી માથાફોડજીરે— વારી જાઉં૦ ૨
આધી વ્યાધી ઉપાધી ટાળી; શરણે રાખ્યો તેં સાંભળી;
તાળી લાગી હવે નહિ પ્રીતી તોડજીરે— વારી જાઉં૦ ૩
મનહર મેઘાનો કર જાલી, છેહ ન દેજે હો વનમાલી;
વનમાળી રખવાળી કર રણછોડજીરે— વારી જાઉં૦ ૪

પદ. (૪૮) મું—ગિરિવાસી ગોવિંદ.—એ રાગ.

દીનબંધું શ્રી દ્વારિકાંના નાથ નમું. ... ... ટેક.

જોડી હાથ પડી પાદ વાણીસાથ નમું;
દેહ દીલ સાથ નમું,
રાખો હરિ હાથ નમું— હાં...હાં...હાં...હાં. દીનબંધુ શ્રી૦ ૧
મદગંજન ભયભંજન ભગવાન નમું,
કૃપાવાન નમું, ધરિ ધ્યાન નમું–હાં...હાં...હાં . હાં. દીનબંધુ શ્રી૦ ૨
તારી કરૂણા વાણીથી વર્ણવિ ન શકું,
કરો કરૂણા વિશેષ કે હું શરણ ટકું;
કરો કંઈ લટકું; બતાવો ચટકું–હાં...હાં...હાં...હાં. દીનબંધુ શ્રી૦ ૩
અધર મધુર બંસી ધારિ મધુરિ બજાવો;
પ્રિય બાળ ઉરે પ્રેમ વધુ ઉપજાવો;
નાથ ન પજાવો, ભાલથી ભજાવો–હાં...હાં...હાં...હાં દીનબંધુ શ્રી૦ ૪
અમે એકટર નટવર તમે માલીક મારા;
ભરત રંગ ભુમીમાં રંગે રમનારા,
રહો નહિં ન્યારા, ચાહું બહુ પ્યારા–હાં..હાં..હાં..હાં, દીનબંધુ શ્રી૦ ૫
માત તાત સગાસાથ તમે મેઘજીના,
તન મન જીવનના નાથ ખરા છો ખજીના;
તેમાં રહિ બીજી ના; મળ્યા છો મજેના–હાં..હાં..હાં..હાં દીનબંધુ શ્રી૦ ૬

પદ. (૪૯) મું–રાગ. (ઉપર મુજબ.)

મનરંજન રણછોડરાય નમન કરૂં. ... ... ટેક.
ભયજંન રણછોડયરાય નમન કરૂં,
આપને નમન કરૂં, પાપનુ ન,મન કરૂં–હાં...હાં...હાં. મનરંજન૦ ૧
દેહ દ્વારથકી મોક્ષદ્વાર ગમન કરૂં;
દયા દરશાવો વાસનાનું વમન કરૂં,

હવે ન અવતરૂં; એવિ અરજ કરૂં–હાં...હાં...હાં. મનરંજન૦ ૨
મનુષદેહ મુખ્ય મોક્ષતણું દ્વાર ખરૂં;
માનવ તનમાં આવિને વતન હાથકરૂં,
ન અનાથ ઠરૂં; સીર શ્રીનાથ ધરૂં–હાં...હાં...હાં. મનરંજન૦ ૩
છે અમાપ આપનો પ્રતાપ ખરેખરૂં,
નાથ હાથ ગ્રહો હવે નહિં ભવે ફરૂં;
મનને દ્રઢ કરૂં, મળવા રઢ કરૂં–હાં...હાં...હાં...હાં. મનરંજન૦ ૪
હવે માર્યે તાર્યે કે ઉગાર્યે મેઘજીને;
અન્ય નહીં ઉપાય કરૂં કહું તને તજીને;
ફળમાં તુજ ખરો; ઉપાય આપ કરો–હાં...હાં...હાં. મનરંજન૦ ૫

પદ. (૫૦) મું–વ્હાલાં શ્રીજીમાતા; સહુ સુખદાતા સાચાત્રાતા. **એ રાગ.**

રે રંગી રણછોડરાજા, રાજાધીરાજા;
આહિં બીરાજ્યા; નિવાજ્યા દીનપર નાથ,
રે આપે અનુભવ તાજા, પરચાઓ જાજા;
મોટા મહારાજા; રિઝયા શ્રી દ્વારિકાનાથ;
અંતરમાં નીરંતર રહેનારા;
વિષ્ણુનો વિશ્વમાં વાસ; તે દાસ માટે દુવારકાં મધ્યે;
આવિ વસ્યા વિભુ ખાસ— રે રંગી રણછોડરાજા૦ ૧
રંગ રસીલા, સાચા વસીલા;
નામ રાખ્યું રણછોડ; જન્મ મરણથી છોડનારા,
તારિ નથી બીજી કોઈ જોડ, રે જોડ રૂકમણી રાણી;
વેદે વખાણી; સતિમા શાણી,
તે પણ તારિ કહેવાય— રે રંગી રણછોડરાજા૦

તુંજ ઇશ્વર તારિ ઇચ્છા લક્ષ્મી;
જીવની જનેતા કહેવાય; જીવ ઇશ્વરને માયા ત્રીગુણી;
તુંથી જુદું નથી કાંય; રે સ્હાય કરજો મોરારી,
અર્જી અમારી, લેજો સ્વીકારી;
મેઘજીના મુળરાય.— રે રંગી રણછોડરાજા૦ ૩

પદ. (૫૧)મું–મને સહાય કરશે મોરારી વ્હારે ચડશે ગોવરધનધારી.**એરાગ.**

કાલાવાલા કૃપાલા સ્વીકારો; દયા દ્વારીકાંધીશ દીલ ધારો. ટેક.
ગર્જીની અર્જી આ મર્જીમાં લાવિ, હવે હર્જી હેતેથી સુધારો.—કાલા૦ ૧
સંસારમાં સાર તારિસેવા વિણ અન્ય નથી અમે ધાર્યો;
સુધારિ ઉદ્ધારિ સેવામાં સ્વીકારિ કરો કીંકર પુરો પ્યારો.—કાલા૦ ૨
જન્મી મરી જીવ માયાની જાળમાં મુંજાયહરિ હવે હાર્યો;
દુખહારિ સુખકારિ મોરારિ મનહારિ ધણી ધીંગો છે મેંધાર્યો—કાલા૦ ૩
આશાધારિ તારિ બીજી ન બારિ અન્ય ન ઉગરવા આરો,
ચાહે સ્વીકારો સુધારો કે મારો રાખ્યો ભરોસો તમારો—કાલા૦ ૪
અંતે નિસ્ચીંતે આચિત્તે વસી નાથ મેઘાનું મરણ સુધારો;
તનમાંથી ધનમાંથી જનમાંથી મનકાઢીશ્રીવર સંસારેથી તારો—કાલા૦ ૫

પદ. (૫૨) મું–રામ પીયારા કૃષ્ણ હમારા.–**એ રાગ.**

દેવદયાળા દ્વારીકાંવાળા રક્ષક રણછોડ તુંહિં તુંહિં હૈ.–ટેક
તુજ બીન મેરા ઔર ન કોઈ; (૨)
તન મન ધન મેરો જીવન તુંહિ હૈ.— દેવદયાળા૦ ૧
મેં બ્રીજબાલા આપ ગોપાલા (૨)
મુજ પ્રતિપાલ કૃપાલ તુંહિ હૈ.— દેવદયાળા૦ ૨
હમહિ લુહા પ્યારે આપહો ચુંબક (૨)

મેં પત્થર પ્યારે પારસ તુંહિ હૈ.— દેવદયાળા૦ ૩
મુજ મન મીન પ્યારે આપહો સાગર (૨)
નટવરનાગર મેરે તુંહિ તુંહિ હૈ;— દેવદયાળા૦ ૪
મેં ચકોર પ્યારે આપહો ઇંદુ (૨)
મેં બીંદુ ક્ષીર સીંધુ તુંહિ હૈ.— દેવદયાળા૦ ૫
તુમ રવી પ્યારે મેંહુ કીરણુ તેરી (૨)
પીતા માતા ગુરૂ તુંહિ તુંહિ હૈ.— દેવદયાળા૦ ૬
તુમ શરિરિ મેરે મેં તેરિ છાંયા (૨)
સર્વસ મેઘજીકો તુંહિ તુંહિ હૈ.— દેવદયાળા૦ ૭

પદ (૫૩) મું. રાગ;–માઢ આવી પહોંચ્યાં પદ મોઝારરે–એ–ઢબ.

રાય રણુછોડ અંતર છોડો છોડો છોડો. પડદો પ્રાણુ— ટેક.
પ્રીય પ્રભુજી પડદો તોડો તોડો તોડો નહિંતર પ્રાણુ.–રાય રણુ૦ ૧
બહુનામી નથી બોલતા શું, કીધી મુજપર રીશ;
શીશ નમાવી ચરણુ પડયો છું, માફ કરો જગદીશ;
બાલક વલખે તુજને બોલાવવા, બોલો બોલો મારા પ્રાણુ;–પ્રીય પ્ર૦ ૨
બોડાણુા સાથે બોલતારે ડોલ્યા મહેતા સંગાથ;
મીરાંને ચરણે સમાવી તો મને ન મુકો નાથ;
બોલો મુજ સાથે મારા પ્રભુ મુખ બોલો મારા પ્રાણુ.–પ્રીય પ્ર૦ ૩
અદ્ધમ હું તો પણુ અધમઓધારણુ પતીતપાવન આપ,
મેહેર કરીને મેઘજી સાથે બોલો હો માબાપ;
નહિંતર મરીશ તુજને હું ઝંખતો હું આપીશ મારાં પ્રાણુ.–પ્રીય પ્ર૦ ૪

પદ (૫૪) મું. રાગ; (ઊપર પ્રમાણે.)

દ્વારિકાંધીશ દયા દીલ લાવો લહાવો આપો આણી વ્હાલ;

પુરેપુરો પદમાં લોભાવો ભાવો ભાવો હરી મન હાલ.–દ્વારિકાંધીશ૦ ૧
કીંકર જાણી તુજ ચરણકમલમાં મુજ મન ભ્રમર બનાવ;
પદ ચુંબન કરતાં લોહ ચુંબક; ખેંચે તેમ ખેંચી જાવ;
ભાવ ભર્યો રાખો ભરપુરરે, દૂર કરો ન દેવ દયાળ;— પુરે૦ ૨
ચાતક સ્વાતી ચંદ્ર ચકોરી; તુલ્ય ભરો ઉરભાવ;
ગોવિંદ ગુણગણ તારા હેતે હરદમ મુજને ગવરાવ;
ન લોભાવ વિષયસુખમાં કદી, કર એવું મન તું કૃપાલ.—પુરે૦ ૩
તારાં જન વીણ નાથ મુજને સંગ ન કોઇનો કરાવ;
મરણ જનમથી હાથ ઝાલી મેઘજીને તરાવ;
સ્મરાવ શ્રીવર તારૂ સ્વરૂપરે; કર ઝાલીને કર તું નીહાલ.—પુરે૦-૪

પદ (૫૫) મું. (ખમ્મા રાજા દ્વારકેશ દયાળા.) એ–રાગ;

નમું નમું દ્વારિકાંનાથ દયાળા.... ... ... ટેક.
થઇ પ્રસન્ન પદમાં પડી પ્રણમું છું પરમ કૃપાળા; નમું નમું
તુજપર મુકયો મેં ભાર તું છે સાચો સરકાર;
ચાહે ઉગાર માર ચાહે ઉતાર પાર;
ચાહે ચલવિદે સંસાર ચાહે કરીદે ખેજાર,
દ્વારિકાંનાથ દયાળા. ... ...નમું નમું૦ ૧
ચાહે બનાવ યોગી ચાહે બનાવ ભોગી
ચાહે બનાવ રોગી ચાહે કરો ઉદ્યોગી;
ચાહે કરો વિયોગી ચાહે કરો સંયોગી;
દ્વારિકાં નાથ દયાળા. ... ...નમું નમું૦ ૨
ચાહે ચર્ણોમાં રાખ્ય ચાહે નર્કોમાં નાખ્ય;
ચાહે દયા દીલ દાખ્ય ચાહે તરછોડિ નાંખ્ય;

ચાહે તુ છોડિ નાંખ્ય ચાહે બાપા બાંધી રાખ્ય;
દ્વારિકાંનાથ દયાળા.... ... ...નમું નમું૦ ૩
ચાહે તો મુક્તિ આપ ચાહે તો ભક્તિ આપ;
ચાહે વીરક્તિ આપ ચાહે આશક્તિ આપ;
ચાહે કરાવ પાપ ચાહે કરાવ સાફ,
દ્વારિકાંનાથ દયાળા.... ... ...નમું નમું૦ ૪
ઇચ્છા આધીન રહુ બીજુ કાંય ન કહું,
આપો તે સુખે સહું મેઘજીએ મુખે કહ્યું;
આપને શોભે તે કરો માલીક મારો તું ખરો;
દ્વારિકાંનાથ દયાળા. નમું નમું૦ ૫

પદ (૫૬) મું. (ચહુદીશ ચહાવા શ્રીજી બાવા.) એ–રાગ.

ચહુખુંટ ચહાવા વાહવા દેવ દ્વારકાંનાથ છેરે. —ટેક.
સદાએ સાથ છેરે. ચહુખુંટ–૧
રાય રંક સ્નેહે સંભારે, આશ્રીત જન ધ્યાને ઉર ધારે;
ભકતો ભાવે લલકારે ગુણ ગાથ છેરે; ચહુખુંટ–૨
દ્વારામતી પતી મમ પ્યારા, નાથ ન રહે નજરથી ન્યારા;
પ્રતિમા પ્રગટ પ્રભુની હદીયા સાથ છેરે. ચહુખુંટ-૩
શંખ ચક્ર ધાર્યા છે નાથે, ગદા પદ્મધર મુર્લી હાથે
માથે મોરમુગટ શોભતો અગાધ છેરે. ચહુખુંટ–૪
મળ્યા મેઘજીને તે આજે, દયા કરિ અનહદ જગ રાજે;
ગરિબનિવાજે ઝાલ્યો મારો હાથ છેરે. ચહુખુંટ–૫

જલ **પદ (૫૭) મું.** (ખડે બંસી બજાતે હૈ) એ–ઢબ.

દયાળુ દ્વારિકાવાલે હમારે દેશબાસિ હૈ; ... ... ટેક.

હમારે દેશ બાસી હૈ હમારે દિલ નિવાસી હૈ;
દયાલુ દ્વારિકાંવાલે હમારે દેશબાસી હૈ. ૧
ખલકકું વો ખિલાતે હૈ, મુલકકું વો પીલાતે હૈ;
ભુખે હમ કયું રહેવેંગે હમારે દેશ બાસી હૈ. દયાલુ–૨
જીને પૈદા કીયા પહિલે દયાસે દુધ બનાયા હૈ;
અભી અન્ન કયું નહિ દેંગે, હમારે દેસબાસી હૈ. દયાલુ–૩
ફીકર હમકું રતિ હૈ નાં, હમારે સીર સ્વામી હૈ;
હમે ઉનકે ઉપાસી હૈ, હમારે દેશબાસી હૈ. દયાલુ–૪
બસત હૈ સંગ જોબનમેં, પરે કયું ભુલે બુરે જનમેં;
મસ્ત હૈ મેઘજી મનમેં, હમારે દેશ બાસી હૈ. દયાલુ–૫

કૃવ્હાલી ગજલ–૫૯ (૫૮) મું. (રાગ; ઉપર મુજબ.)

શ્રીમત્ રણછોડજી પ્યારે હમારે પુર બાસી હૈ... ... ... ટેક.
હમારે પુર બાસી હૈ હમારે ઉર્નિવાસી હૈ.— શ્રીમત્ રણછોડજી૰ ૧
જગતકા વોહિ હૈ ત્રાતા હમારા વો પીતુ માતા
સમર્થ સ્વામી સુખદાતા હમારે ઉર્નિવાસી હૈ.–શ્રીમત્ રણછોડજી૰ ૨
હમારે સંગ વો રહેવે હમે ઉમંગ ઉમંગમેં રહેવે;
કભી કુસંગ નહિ ન સેવે હમારે ઉર્નિવાસી હૈ.–શ્રીમત્ રણછોડજી૰ ૩
હમ હૈ સત્ કે સંગ હૃદય હરિ રંગ કે રંગી;
ઉમંગી ઇશ ઉપાસી હૈ હમારે ઉર્નિવાસી હૈ.–શ્રીમત્ રણછોડજી૰ ૪
કાહે હમ સોચમેં રહેવે કાહે સંકોચકું સહેવે
મેઘજી મોજમેં રહેવે હમારે ઉર્નિવાસી હૈ.— શ્રીમત્ રણછોડજી૰ ૫

પદ (૫૯) મું. (રંગીલા રણછોડ શ્રીવર વારિ દઉં તુજપર બંધુ.) એ—રાગ.

શાને કહો છો બીચારો મુજને વિચારો જરા મન માંયરે (૨)–ટેક.

બીચારો તો કહેવાય જેનાં માબાપ મરી ગયાં હોય તે;

અમારે પીતા રણછોડ રાજા રાણી રૂકમણીજી માય છે. શાને૦ ૧

ગણાય બીચારાં નિર્ધણીયાં જન જગમાં જ્યાં ત્યાં કુટાય છે;

અમારે દ્વારિકાંધીશ ધણી મનોહર્મણી સુખદાય છે.— શાને૦ ૨

ગણાય બીચારાં લાલચુ જનો જ્યાં ત્યાં લબાડવા જાય છે;

અમારે છે સંતોષ હ્રદયમાં સ્વામી શ્રીવર સદા સ્હાય છે;–શાને૦ ૩

ગણાય બીચારિ રાંડીરાંડો કે જેના ધણી મરી જાય છે;

અમારે શીરતો અમ્મર સ્વામી શ્રીમત્ રણછોડ રાય છે.—શાને૦ ૪

ગણાય બીચારાં હરિવિમુખ જનો જે મુવા પછી દુઃખી થાય છે;

હરિજન મેઘજી મોજ માણે સુખી અહિંને ત્યાં સદાય છે.— શાને૦ ૫

પદ (૬૦) મું. (વિજય હો શ્રી દ્વારીકાંધીશ ધણી.)એ—રાગ.

દયા દરશાવો દ્વારીકાં પતી (૨)–ટેક.

દાસ દાન દયાનુ માગે, પડીને પ્રીય પાદ આગે;

અવર વિષય વિચાર ત્યાગે, પ્રેમ આણી પાય લાગે:

રહો શીર રક્ષક રદય પ્રતિ. ... ... દયા. ૧

ભવ્ય રૂપે હ્રદય ભાસો; ધ્યાનમાં પુરણ પ્રકાસો;

વસો દાસો પાસ વાસો, ચિત્તથી ચાલ્યા ન જાશો;

સ્વીકારો સ્વામી શીશુની વિનતિ; ... ... દયા. ૨

પ્રભુ રૂપ સ્મરાવચારૂં ધ્યાન નિત્ય ધરાવ તારૂં ગાન નિત્ય કરાવ પ્યારૂં;

અન્ય વાતોને વિસારૂં, રહે પુરણ પ્યાર તારામાં અતિ;... ...દયા. ૩

મેઘજી તવ મદત માગે, આવિન તવ દ્વાર આગે, કરો કરૂણા પ્રેમ જાગે;

ભવની ભાવટ સર્વ ભાંગે; પુરણ શ્રેય કરવા સુધારો મતી;–દયા. ૪

પદ (૬૧) મું.–મરબી. (પ્રભુ રેજો પ્રગટ પ્રીય ઉરરે.) એ—રાગ.

રે'જો રાજાધીરાજ રદયમાંહિરે રણછોડ રંગીલારે રંગીલા—ટેક.

કરો કરૂણાથી શ્રીવર સ્હાયરે રણછોડ રંગીલારે રંગીલા.

(સા૦)મનમંદીર અંતર તમે, વસો સદા શ્રીનિવાસ;

સદ્ગુણથી શણગારિને, કરો મુજને અનન્ય નીજ દાસરે. રણ૦ ૧

(સા૦)પર્માત્મા આત્માતણા, સંગી તમે સદાય;

અમે તમારાં આશ્રીતો; તેને ઉદ્ધારો સુધારિને આંહિરે. રણ૦ ૨

(સા૦)જનમમરણથી છોડવા, રૂપ ધર્યું રણછોડ;

ચરણ પડયાં આવિ અમે; ક્રમે ક્રમે કૃપા કરિને છોડરે. રણ૦ ૩

(સા૦)મેઘાના મનના તમે માલીક છો મજબુત;

સમર્થ શ્રીવરને તજી; નહિં ભજીયેં ભૈરવને ભૂતરે; રણ૦ ૪

પદ (૬૨) મું.–મન મોહન મોહનિ લગાડો પ્રેમ પુરો હૈયામાંજ ગાડો–એ રાગ.

રાય રણછોડ રંગીલા રૂપાળા મોર મુગટધર મોરલીવાલા; ટેક.

દેવદયાળ! પરમ કૃપાળા આર્તતણા પ્રતિપાળારે;

મોરમુગટ ધર મોરલીવાળા— રાય રણછોડ૦ ૧

અમે તમારાં તમે છો અમારા, ન્યારાં ન કરશો કૃપાળારે;

મોર મુગટધર મોરલીવાળા— રાય૦ ૨

જન્મી મરિ વાસ્નાઓ વધારિ (૨)

થયાં તમારાથી ન્યારારે, મોરમુગટ ધરમોરલીવાળા— રાય૦ ૩

જન્મ મરણનું કારણ જે વાસ્ના (૨)

વિદારો બીર્દાળારે; મોરમુગટધર મોરલીવાળા— રાય૦ ૪

મેઘો મરણથી તોબા તોબા કરિ (૨)

શરણ થયો રખવાળારે, મોરમુગટધર મોરલીવાળા— રાય૦ ૫

પદ. (૬૩)મું–રાગ–ઉપર પ્રમાણે.

દેવ દીનબંધુ દ્વારકાંવાસિ
ટાળો જન્મમરણની ફાંસી. ... ... ટેક.
ફેરા ફરિ ફરિ હાર્યો હરિ હવે (૨)
કરો ચરણનો નિવાસિરે; ટાળો જન્મમરણની ફાંસી– દેવ૦ ૧
કાયા માયાથી સંકોચાયો તેથી (૨)
થયો હવે હું ઉદાસીરે; ટાળો જન્મ મરણની ફાંસી– દેવ૦ ૨
સ્વયં પ્રકાસિ પ્રભુપદવાસી (૨)
કરો હરિ સુખરાસીરે; ટાળો જન્મમરણની ફાંસી– દેવ૦ ૩
સીંધુંતટવાસિ સેવા સોંપો ખાસી (૨)
ગોવિંદ ગોમતિનિવાસીરે; ટાળો જન્મમરણની ફાંસી– દેવ૦ ૪
મનુષ્યદેહ તમે દીધો મેવ્રાને તો (૨)
તારિ લ્યો પુરણ પ્રકાસિરે; ટાળો જન્મમરણની ફાંસી– દેવ૦ ૫

પદ. (૬૪) મું–રાગ–દશા આ શી થઈ મારી.–એ રાગ.

મોહમાયા અજર ફાંસી (૨) નયનસે જાત નહિ ભાંસિ,
(સા)કટે નહિ તલવારસેં, તુટે ન અન્ય ઉપાય;
સત્સંગત બિન સબ જગત ફીરતે રહે ફસાય. ૧
સ્હાયકર સ્હાય શ્રીવર રણછોડ (૨) જનમસેં ઔર મરણસેં છોડ;
(સા)સામીલ કર નિજ સેવમેં, દેવ દ્વારિકાંધીશ;
અબતો તેરે શરણમેં; આય નમાયા શીશ. ૨
હમતો બૈઠે હરિ હારી (૨) બહુત હૈ હાય લાચારિ;
(સા)ભમતે હૈ ભવમે પ્રભુ, પાયા નહિ ઉપાય;
આયા હું તેરે શરણ, સ્હાય કરો જગરાય. ૩

ત્રાહિ ત્રાહિ ત્રીવિક્રમ નાત (૨) બચાઓ આપ ઝાલી હાથ;
(સા)નાથ હમારે તુજબીનાં, નહિં હે કોય સહાય;
સબ જગ હૈ ભુલાપરા; ફિરે ફાંસિકે માંય. ૪
હાય અબ કૌન છોડેગા (૨) તેરે બીન કૌંન તોડેગા,
(સા)ફિર ફિર કહતે મેઘજી; ફેડો ફાંસી નાથ;
દ્વારામતિ પતિ અતિ વિપતિ હર ધરિ હાથ. મોહમાયા૦ ૫

પદ. (૬૫)મું-(મુજ ઉપર ગુજરિ પિતા પાદશાહ જાની.) **એ રાગ.**

હરિ હોં મેં તેરે ચેરે કરો મત ન્યારે,
ગણી ખાસ દાસ રખ પાંસ પ્રભુજી પ્યારે;
મેં એક અકીંચન દીન દાસ હું તેરા,
તેરેબીન મેરે સબ જુગમેં અંધેરા.— ૧
રણછોડ નહિં તરછોડ છોડ મત પ્યારે;
હમ તેરે બીન હૈરાંન રહત હૈ ન્યારે,
પિતુ પુત્ર સંબંધ સદાય સંગ સુખરાસી;
મત દુર રહિયો મહારાજ દ્વારિકાંબાસી— ૨
મેઘજી મુલકસેં દુર દુઃખસેં પુર અતી ગભરાયા;
અબ લેલે તેરિ પાંસ ફેડિકે માયા;
તેરે બીન મેરે સંગ કોઉ નહિં સંગી:
સત્વર શ્રીવર હરિ કરલે પરમ ઉમંગી— ૩

પદ. (૬૬) મું-કેવો ઠાઠ જમાવ્યો છે ગોવાળિયેરે-**એ રાગ.**

કહો કોણ એ શ્રી રણછોડરાય છે રે;
હરિ. ૐ કહિ **તત્સત્** કહેવાય શ્રુતિ માંહિં;
તે અમારા રણછોડરાય છે રે. ટેક.

ગીતાચાર્ય શ્રી ગોવીંદ જે ગણાય છેરે;
આદિ અંત મધ્યમાં વ્યાપી રહ્યા વિભુ સદાય. તે અમારા૦ ૧
આપે બ્રહ્માને વેદ વિનંતિ સુણીરે;
મધુકૈટભનો કરે જે સંહાર ચક્રધાર. તે અમારા૦ ૨
ધર્મ લોપ જ્યારે ધર્ણી ઉપર થાય છેરે;
આપે પ્રગટિ સ્થાપે ધર્મ વારંવાર સુપ્રકાર. તે અમારા૦ ૩
દસ ચોવીસ અવતાર જે કહેવાય છેરે;
જેનાં રૂપ છે અનંત ને અપાર સુખકાર, તે અમારા૦ ૪
ભક્તના હિત માટે જે મેઘા ધાય છેરે;
પુર્ણ પુરૂષોત્તમ બ્રહ્મ જે કહેવાય શ્રુતિ માંહિં. તે અમારા૦ ૫

પદ (૬૭) મું. (રંગીલા રણછોડ છોગાળા શ્રીહરિ.)એ–રાગ.

કોણ છે ગો રણછોડ કહું તે હું શિ રિતે ટેક.
જેની જુગે નથી જોડ, ઓળખાતું વિગતે.
વેદો જેને વર્ણવે, શ્રૃતિઓ જેને સ્તવે;
સેવે અજ રૂદ્ર ઈંદ્ર તે છે એ રણછોડ. કોણ૦ ૧
નેતિ નેતિ શ્રૃતિ કહે મુનિવર ન પાર લહે;
ચહે ભકતો જેને ભાવે તે છે એ રણછોડ. કોણ૦ ૨
યોગી જેનું ધ્યાન ધરે; ઈશ એક અચિંત્ય સ્મરે;
કહે નિર્ગુણ નિરાકાર, તે છે એ રણછોડ. કોણ૦ ૩
સાકાર સ્વરૂપ ધરે, ભક્તભાવને વશ થઈ ફરે;
કરે અનેક લિલાઓ, તે છે એ રણછોડ. કોણ૦ ૪
મળ્યો મન માન્યો મને, ઇષ્ટ મીષ્ટ એવજીને;
સદને રહિને સેવું રંગ રાજા રણછોડ. કોણ૦ ૫

પદ (૬૮) મું. (કાંકરિ કાંકરિ કાંકરિરે કાન કાંરે.) એ-રાગ.

ઉર વસો ઉર વસો ઉર વસોરે
રણછોડ રંગીલા મારે ઉર વસો;
ક્ષણે ચિત્તથી નાથ નવ ખસોરે
રણછોડ રંગીલા મારે ઉર વસો;
ઉરે પ્રકાસી કરો ઉજાસી (૨)
કરજો વિશુદ્ધ નાથ ન સનસોરે. રણછોડ૦ ૧
અમે તમારાં બન્યાં પીપાસી (૨)
પ્યારા ન્યારા રહિ નહિ કસોરે. રણછોડ૦ ૨
ઉમંગી શ્રીવર સંગી મારા (૨)
મુજ સંગ પ્યારથી હસો વસોરે. રણછોડ૦ ૩
મેઘજી મનાવે વિનવે ભાવે (૨)
ધર્મધુરંધર શાને કસોરે. રણછોડ૦ ૪

પદ (૬૯) (મું. રાગ ઉપર પ્રમાણે.)

દીલ વસો દીલ વસો દીલ વસોરે,
ઇશ દ્વારીકાંધીશ મારે દીલ વસો;
હાથ મુકી નાથ ન ચાલ્યા જશોરે
ઇશ દ્વારિકાંધીશ મારે દીલ વસો;
શીદ તરસાવો શ્રીવર આવો (૨)
ચખાવો શ્રુતિમાં કહેલા રસોરે. ઇશ૦ ૧
ખટરસ વ્યંજનો લાગે ખારાં (૨)
પ્યારા પીવરાવો હરિરસોરે. ઇશ૦ ૨
મેઘો માગે પાયે લાગે (૨)

તુજ વિના સુનિ છે દસે દીશોરે. ઈશ૦ ૩

પદ (૭૦) મું,–(ધાયા ધાયા મારા નાથ દેવ દ્વારિકાંપતિ.) એ-રાગ;

આવ્યા આવ્યા દ્વારકેશ દેવ દીલની પ્રતિ; ટેક.
દીલની પ્રતિ સુણી શીશુનિ વિનતિ— આવ્યા આવ્યા૦
મનહર અધર મધુર મુર્લિધર શંખ ચક્ર છે હાથ;
શોભાસાથ મારા નાથ દીઠા દીલની પ્રતિ— આવ્યા આવ્યા૦ ૧
પદમાં નુપુર ઉપર પિતાંબર જામો જગમગ થાય;
સુંદર પટકાલટકા સાથે હાર હિંચોળા ખાય— આવ્યા આવ્યા૦ ૨
મોરમુગટ મકરાકૃત કુંડળ મનહર છબી સોહાય;
તે પર તનમન જીવનવારિ પડયો મેધજી પાય—આવ્યા આવ્યા૦ ૩

પદ. (૭૧) મું–કૃવ્હાલી-ગજલ (ખડે બંસી બજાતે હૈ) એ રાગ.

ગોમની તિર પર પ્યાટે શ્રીમત્ રણછોડરાજત હૈ;
શ્રીમત્ રણછોડ રાજત હૈ, જહાં નિત નોબત બાજત હૈ–ગોમતી૦–ટેક
ઘડી ઘડી ઘંટ ઘોરત હૈ, દ્વાર ભુદેવ દૈરત હૈ;
બંદી જન જશ ઉચ્ચારત હૈ, શ્રીમત્ રણછોડરાજત હૈ– ગોમતી૦૧
રમ્ય રત્નાગર ગાજત હૈ, તીરપર પુરિ વિરાજત હૈ;
સાંવરી છબ સુહાવત હૈ, શ્રીમત્ રણછોડરાજતહૈ– ગોમતી૦ ૨
મધ્યમેં મ્હામંદિર મલકે, દેવલ પર કનક કુંભ ઝલકે;
શિખરપર ધ્વજા ફેરૂક્ત હૈ, શ્રીમત્ રણછોડરાજત હૈ– ગોમતી૦ ૩
મુક્તિપુરિ દેખિ મન મોહૈ; ચારધામમેં ધામ સોહૈ;
દીવ્ય દ્વારિકાં કહાવત હૈ, શ્રીમત્ રણછોડ રાજત હૈ– ગોમતી૦ ૪
રંગીજન જહાં નિત નાચત હૈ; ઉમંગી ગુણ ઉચ્ચારત હૈ;
મેધજી વ્હાંનિત વિચરત હૈ; શ્રીમત્ રણછોડ રાજત હૈ—ગોમતી૦ ૫

કૃવ્હાલી-ગજલ-પદ (૭૨) મું-રાગ-ઉપર મુજબ.

હમારે સિર સમર્થ સરકાર, શ્રીમત્ત રણુછોડરાજા હૈ;
શ્રીમત્ત રણુછોડરાજા હૈ; મહારાજાધીરાજા હૈ— હમારે૦ ટેક૦
હમે ઉનકી પ્રજા પ્યારી; બડે રક્ષક હૈ મ્હા ભારિ;
રહે હૈ સંગ અંગ ધારી; શ્રીમત્તરણુછોડરાજા હૈ— હમારે૦ ૧
હમે હૈ ચીજ સરકારી, શકે નહીં કોયભીમારિ;
હમારી ખુદ ખબર લેવે, શ્રીમત્ રણુછોડરાજા હૈ.— હમારે૦ ૨
ભુત ભૈરવ હમસે ડરતે, નિડર નટવર રક્ષણુ કરતે;
હસ્તમેં ચક્ર ગદા ધરતે, શ્રીમત્ રણુછોડરાજા હૈ. હમારે૦ ૩
ભક્તજન હૈ જીનકા વ્હાલા; હરિજનકા હે પ્રતિપાલા;
દુષ્ટકું સંહારને વાલા, શ્રીમત રણુછોડરાજા હૈ. હમારે૦ ૪
મેઘજીકા માલીક મોટા, જીનકા નહિં જુગમેં જોટા;
પિતા પ્રભુકા હું મેં બેટા, શ્રીમતરણુછોડરાજા હૈ. હમારે૦ ૫

પદ (૭૩) મું-(પ્રભુ એકમેં ભીદીન હું.) એ રાગ.

શ્રીમત્ રાજા છે રણુછોડ (૨) ટેક.
માતા રૂકમણિ મહારાણી, સતિમાં શિરોમણી શાણી;
શ્રુતિશાસ્ત્રો વિશે વખાણી,
જેની છે નહિં કોય જોડરે છે રાજારણુછોડ— શ્રીમત્૦ ૧
દીઠાં બહુ દેવો દેવી, પણુ જોડ મળે નહિં એવી;
જે સ્નેહે સકીયે સેવી,
આતો મનહર ચિત્તચોર રે છે રાજા રણુછોડ— શ્રીમત્૦ ૨
આનો ન જગતમાં જોટો, નહિં કોય નાથથી મોટો;
સહુ અંતે વળતા ગોટો;
આ પુરે પુન્ણુ કોડ રે છે રાજારણુછોડ. શ્રીમત્૦ ૩

અન્યનુ ન શરણુ સ્હાશે; હરિપદમાં પ્રીતે જાશે;
    તે કદી નહિં પસ્તાશે,
થાશે સૌનાશીર મોડરે, છે રાજા રણછોડ;— શ્રીમત્ ૪
ધણી **મેઘાને** મન માન્યો; નથિ નાથ જગતમાં છાંનો;
    લૈલ્યો પર્વાનો ત્યાંનો.
મટે મણુ જનમની દોડરે, છે રાજા રણછોડ;— શ્રીમત્ ૫

પદ (૭૪) મું-ડર માં તું દીલ સાથ છોકરા-**એ રાગ.**

દેવ દ્વારકાંનાથ, વસો દીલ દેવ દ્વારકાનાથ;
પ્રભુજી રહો પ્રગટ મ્હારિ સાથ, વસો દીલ દેવ દ્વારકાંનાથ;— ટેક.
રણછોડ રંગીરે, અંગના અંગીરે; રણછોડ રંગીરે; અંગના અંગીરે;
સાચા સંગીતો તમે છો કૃપાળા; બીજાં સંગી તો એ દીનનાં છે હાલાં,
આવ્યાં જુદાં ને જશે જુદાં ચાલ્યાં;
વ્હાલાજી મ્હારો વેગે ઝાલો હાથ, વસો દીલ દેવ દ્વારકાંનાથ;— ૧
દાસના દોષોરે, સ્વામી ન જોશોરે, દાસના દોષોરે, સ્વામી ન જોશોરે;
દીલ દયા દ્વારિકાંધીશ લાવો, બાળક જાણીને બાપુ બોલાવો;
સ્વપ્ને પણ પ્રભુ શાને ન આવો;
કહું કોને હું મારી વાત, વસો દીલ દેવ દ્વારકાંનાથ;— ૨
સંસાર ખારોરે, લાગે અકારોરે, સંસાર ખારોરે, લાગે અકારોરે;
તુજને મળવા તલપે મન મારૂં, તાત તારા વિના સૌ સુખ ખારૂં;
લાગે ન આંય મને કાંય સારૂં.
કયારે કરશો હરિ મુને સનાથ, વસો દીલ દેવ દ્વારકાંનાથ;— ૩
દાસ દુભાય છેરે, **મેઘજી** મુંઝાય છેરે: દાસ દુભાય છેરે, મેઘજી મુંઝાય છેરે.
જગમાં જીવવું જરિ નથી ગમતું; તુજને મળવાનું નથી મન શમતું;

વિહિં વિયોગીરે છે દુ:ખ ખમતું;
પ્રભુજી મારૂં મન મોહ્યું તુજ સાથ, વસો દીલ દેવ દ્વારકાંનાથ;—૪

પદ (૭૫) મું.-નટવર વસંત—એ રાગ.

દીલ રંગો રણછોડરાય રંગે રહું,
રંગે રહું શ્રીવર સંગે રહું;— દીલ રંગો-ટેક.
(સા.)હરિ રંગે મન રંગીને કરો કુરંગો દુર;
રાજા શ્રી રણછોડજી સદા વસો મુજ ઉર,
પુરણુંયાર પ્રભુ પ્રગટાવો તારો;
ભરપુર ભાવ ભરો અન્ય ના ચહું;— દીલ રંગો ૧
(સા.)સંગી તમે ઉમંગી છો હું છું તારો દાસ;
દીન પર દયા વધારિને આપો ઉર ઉલ્લાસ,
ગુણ તારા ગોવીંદ નિત્ય ગવરાવોરે;
ઉરે અખંડ આનંદરૂપ શ્રીવર આવોરે;
(સા.)તન મન ધન જીવન તને, અર્પું આણી વ્હાલ;
નાથ નયન દરશાવ તો હું થૈજાઉં નિહાલ;
જોડી પાણી વદે બાળક આવાણી,
બિર્દાલાબાપ તારે શરણે છઉં— દીલ રંગો ૨
(સા.)ફરિ કહું છું હું કર્ગરી, વિનવિ વારંવાર,
અરજ સ્વીકારિ શ્રીહરિ, કરજો બેડો પાર.
કરૂં કૃતારથ જાત તુજને સેવીરે;
એ માગ્યું આપો મહારાજ અરજી એવીરે;
(સા)ધ્યાન અને ગુણ ગાંનમાં બની, રહું એકતાન.
ઉમ્મર એમ વિતાવજો, રક્ષક રહિ ભગવાન;

કરજો મંગળ મય મનડું મેઘાનું;
દીનરાત તાત તને ચીત્તે ચહું;— દીલ રંગો ૩

પદ (૭૬) મું–મુજઉપર ગુજરિ–એ રાગ.

હમારે રાય રાજ રણછોડ, રૂકમણી રાણી;
જીનકી જુગમેં હૈ નહિં જોડ કહિં જાની;— १
મમ દેશપતી કુલ પ્રાણપતી મમ પ્યારા,
તન મન ધન જીવનકા માલીક હમારા;— ૨
હમ ઉનકે બેટા બેટિ હૈ સબ સંગી,
દીલપર રાજે રણછોડ પરમ ઉમંગી;— ૩
મનહર નટવર ચિત્ત ચોર ચહેં સો દેવે,
દીનરાત હમારિ સાથ હૃદય મેં રહેવે;— ૪
મેઘજી ભયે હૈ મસ્ત અસ્ત અઘપાયા;
દીલદાર દિલાવર દ્વારકેશ દીલ આયા;— ૫

પદ (૭૭) મું–નટવર વસંત–એ રાગ

દેવ દ્વારકેશ દેશ દેશ ન્હાવા તમે,ન્હાવાતમે નથી છુપાવાતમે–દેવ–ટેક

(સા.) સંવત બારસો બારમાં; કર્યું ડાકોર મુકામ;
દેવદિવાળિ દિવસેં ખોલ્યું બીજું ધામ;
મુર્તી નથી નાથ પ્રત્યક્ષ પ્રભુ તમે;
પ્યારથી પુરાવા બહુ મેળવ્યા અમે;— દેવ દ્વારકેશ ૧

(સા.) ચૌદસેં સિત્તેરની પછી કર્યાં નરસિનાં કામ;
તારા પરચા પ્રગટ છે શીદ છુપોછો શ્યામ,
બન્યાછો શામળા શેઠ ગોમતી ઘાટે રે;

લીધો વ્હાલે વણીકનો વેશ સેવક માટે રે;
(સા.) સંવત ચૌદસેં એંસીમાં પ્રગટયાં મીરાંબાઇ;
પંદરસો સૈકાવિષે ચરણે જ્યાં સમાય,
બોલોને બાપ તમે ઉભા શું ચુપ હવે;
બોલો ન બોલો પણ છે ઓળખ્યા અમે,— દેવ૦ ૨
પંદરસો સૈકા વિષે મંગલપુર મોઝાર,
પર્વતનાગરને ઘરે આવ્યા જગસરકાર;
હજી તે ગોમતી વાવ હાજર ત્યાં છે રે,
પોતે જુનાગઢ માંહે જઇ રહ્યા છેરે.
(સા.) સંવત્ ઓગણીસેં ઉપર ત્રેસઠ આસો માસ,
મેઘજીને રઘુવર રૂપે મળ્યા ખાનગી ખાસ;
બસ બસ સર્વસ હું તો સમજ્યો છું તને હવે,
આપ વિના બાપ મને અન્ય ના ગમે.- દેવ૦ ૩

પદ (૭૮) મું. રાગ–માઢ–આવિ પોંચ્યાં શ્રીનાથદ્વારરે–**એ ઢબ.**

સુણ્યા શર્ણોના પ્રતીપાળરે દેવ દ્વારકાંધીશ દયાળ,
શર્ણ થવા આવ્યો આ બાળરે સુણી શર્ણોના પ્રતીપાળ;
સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ, (ગી૦–અ૦–૧૮ શ્લો૦–૬૬)
તે શ્રીમુખનાં વચન સુણીને ચાહું ચરણુરજ;
રાખો શરણુ કરિને સંભાળરે, સુણ્યા શરણોના પ્રતીપાળ.- સુણ્યા–૧
મામેવ યે પ્રપદ્યંતે માયા મેતાં તરંતિ તે, (ગી૦–અ૦–૭ શ્લો૦–૧૪)
તે શ્રી મુખનો શબ્દ શ્રીવર રાખ્યો છે મેં ચિત્તે;
પ્રીતે પ્રપન્ન તણા પ્રતિપાળરે થાઉં પ્રપન્ન અકીંચનબાળ.- સુણ્યા–૨
પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતી, (ગી૦–અ૦–૯ શ્લો૦–૨૬)

તે સુણી જળ ફળ ફુલ તુલસી અરપું ચરણ પ્રતી;
શ્રીપતિ સ્વીકારો જાણી બાળ રે પ્રિતીથિ અરપુ પુષ્પમાળ;– સુણ્યા–૩
તેષા મહં સમુદ્ધાર્તા મૃત્યુ સંસારસાગરાત્, (ગી૦–અ૦–૧૨ શ્લો૦–૭)
તે શ્રીમુખનાં વચન સુણીને, સ્મરણ કરૂં મન સાથ;
મારો હાથ હવે નવ છોડોરે, છોડો ભવજળથી જાણીબાળ.–સુણ્યા–૪
મન્મના ભવ મદ્ભકતો મદ્યાજી માં નમસ્કુરૂ,(ગી૦–અ૦–૧૮ શ્લો૦–૬૫)
(ગી૦–અ૦–૯ શ્લો૦–૩૪)

તે સુણીને તારૂં સ્તવન સેવન જે બને તે કરૂં;
મેઘાના માલીક કરજો માફ દોષો દયાથી તારો કૃપાળ.– સુણ્યા–૫

પદ (૭૯) મું–વિધાતા ધન્ય છે–અથવા–હરિ તારા હાથમાં–**એ રાગ.**

હરીજાઓ શ્રીહરિ ભવરણથી મુને રણછોડ,– ટેક.
ફરિ ફરી ભવમાં નવ ફેરવ,
થાકી ગયો છું કરી દોડાદોડ;– હરીજાઓ શ્રી હરિ૦–૧
ભય ભવરણમાં ભાસે ભારે,
રંક જાણી જનમ મરણ છોડ.– હરીજાઓ૦–૨
આશવિષયની નાશ કરાવો,
તાત તમામ તૃષ્ણાઓને તોડ.– હરીજાઓ૦–૩
ભવે ભમી ભારે દુઃખ પામ્યો.
વિસામો દે તવ ચરણે ચિત ચોડ. હરીજાઓ૦–૪
શ્રીમન્ મન મેઘાનું સુધારો,
પધારો પ્યારા પુરો મ્હારા કોડ. હરીજાઓ૦–૫

પદ (૮૦) મું–રાગ–(ઉપર મુજબ.)

દલીલ દીલે ધારજો દીનબંધુ શ્રી દ્વારિકાંનાથ.– ટેક.

દાસ ઉદાસ છે દેહ વિશે અહીં,
દીવ્ય ધામેં રાખો સદા સાથ.- દલીલ દીલે-૧
વ્હાલ વધારો હાલ સુધારો,
અંતે આવી તારો ઝાલી હાથ.- દલીલ દીલે-૨
ભવ વમળેથી હરિપદ કમળેં,
મન રખવિ કરજો મુજને સનાથ. દલીલ દીલે-૩
શ્રેય પરમ જે હોય પ્રભુમતે,
પ્રીતે કાર્ય કરાવો રહિ સાથ.- દલીલ દીલે. ૪
હીત અહીત ન હું કંઇ જાણું,
મેત્રાનું મન રાખો હરિનાથ.— દલીલ દીલે. ૫

પદ (૮૧) મું-બેઠા શું આંહિ બેઠા શું આંહિં-**એ રાગ.**

દીઠા મનમોહન દીઠા મનમોહન દેવ દ્વારકાંધીશ.-દીઠા.—ટેક.
મનહર મધુર રાય રઘુવર ચાપ બાણ ધરનાર,
ધન્ય શ્રીમત્ સરકાર.— દીઠા૦ ૧
નુપુર પિતાંબર, કાંચીકંકણ, હૈયે હિરાના હાર;
કુંડળ મકરાકાર,— દીઠા૦ ૨
છેલછબીલા રંગ રસીલા કિરિટ મુકુટ ધરનાર;
જય જય જગ સરકાર;— દીઠા૦ ૩
જગમંદિરમાં જે જોયા તે મનમંદિર મોઝાર;
નિરખ્યા દિવ્યાકાર;— દીઠા૦ ૪
છબિ બતાવિ છુપિગયા પણ પડદેથી પરખાય;
અકથ અનુભવ થાય;— દીઠા૦ ૫

આશ જગાડી પ્યાસ લગાડિ ચીત ચોરિ છુપાય;
એ દુઃખ કેમ ખમાય;— દીઠા૦ ૬
દ્વારામતિના મહામંદિરમાં દિવ્ય ગયા દેખાય;
તે ન ફરિ નિરખાય;— દીઠા૦ ૭
જગમંદીર ને મનમંદીરમાં મળ્યા અનેકીવાર;
પણ શું તેની બ્હાર;— દીઠા૦ ૮
જગમંદીર ને મનમંદીરમાં હજી રહ્યા નિર્ખાય;
પણ; એ અનુભવ નવ થાય— દીઠા૦ ૯
અંતે એ અનુભવ આપિને કરશે ભવનિ પાર;
ધરશે પુરો પ્યાર;— દીઠા૦ ૧૦
મેધાને મનદ્રઢ થયું નહિં તરછોડે રણછોડ;
ચહું ચર્ણાંબુજ જોડ;— દીઠા૦ ૧૧

પદ (૮૨) મું—રિતિ તમારિ જોઈ મોહિ રહ્યો—એ રાગ.

દ્વારામતીપતી વિપતિ પ્યાર ધરીને પતાવી— ટેક.
બતાવી સિદ્ધી વાટ શ્રીવર, વિપતિ પ્યાર ધરીને પતાવી,— ૧
કયાં કેવાંમાં કેવિ રિતે હું નિત્ય અથડાતો;
ખાતો વિવિધ વિધ માર ધરોધર;— વિપતિ પ્યાર. ૨
કનિષ્ટ વસ્તુઓને ઇષ્ટ ગણી અતિશય લલચાતો
ન્હાતો ચામ ને દામ દુઃખકર;— વિપતિ પ્યાર. ૩
આશા ફાંસા કાપ્યા આપે અતિ દયા ધારી;
સ્વીકારિને કર્યો સકામ સુખકર;— વિપતિ પ્યાર. ૪
ગાન ધ્યાન હરિ સ્મરણને શેવા શીખવાડી;
પાડી પ્રીતે પીછાણુ પ્રીયકર;— વિપતિ પ્યાર. ૫

સાતે પુરીમાં શ્રેષ્ટ દ્વારકાંધામ બતાવ્યું;
પતાવ્યું પાપ તમામ ધરિ કર;— વિપતિ પ્યાર. ૬
મેઘજીને હજી મોજતો મુવા પછી પુરિ થાશે
થાશે સ્થીર મુકામ પ્રભુપદ;— વિપતિ પ્યાર. ૭

પદ (૮૩) મું-(રાગ ઉપર મુજબ)

રિઝયા રાજા રણછોડ રસીયા દયા દીલ લાવ્યા;— ટેક.
કરાવ્યો સંતનો સંગ શ્રીવર, રિઝયા રાજા રણછોડ રસીલા— ૧
કેવા કુસંગથી કાઢિ સુસંગનો રંગ ચડાવ્યો;
શું શું ગણું ઉપકાર ચક્રધર;— રિઝયા રાજા. ૨
અધમ મધ્યમ માર્ગ આપે દયાથી પડાવ્યા;
ચડાવ્યાં શ્રેષ્ટ સુપંથ શ્રેયકર;— રિઝયા રાજા. ૩
તન મન જીવન ધનને આપે ધન્ય ઠરાવ્યાં
વરાવ્યાં ચરણ મોઝાર મનહર;— રિઝયા રાજા. ૪
સમર્થ શ્રીવરેં કીંકર જાણી કૃતારથ કીધાં
કર્યા તેં રંકને નિહાલ નટવર;— રિઝયા રાજા. ૫
આશા પીપાશા કાપી ઉર સંતોષ અપાવ્યો;
કપાવ્યો કુસંગ તમામ કૃપા કર;— રિઝયા રાજા. ૬
મેઘજી ભજી તુને દેહ તજી દીવ્ય ધામમાં આવે;
એવું કરાવશો કૃપાળ શ્રીવર;— રિઝયા રાજા. ૭

પદ (૮૪) મું-(રાગ ઉપર મુજબ)

કૃતિ તમારિ જોઈ મોહિરહ્યો દ્વારામતિપતિ પ્યારા;—ટેક.
કર્યાં કળિમાં કૈક કામ મુર્તિરૂપે; મોહીરહ્યો દ્વારામતિપતિ પ્યારા;- ૧
વ્હાલું વીઠ્ઠલ નામ ધરિ પંઢરપુર પધાર્યાઃ

ઊભા ઇંટપર આપ કટીકર;- મોહીરહ્યો દ્વારા ૨
ડાકોરઠાકોર થઈને ગુગળીની ગાળ ઘણી ખાધી;
થયા વજને સવાવાલ; શ્રીદધર;— મોહીરહ્યો દ્વારા ૩
એક નાથને આશ્રમ જઇ શ્રમ શેવકનો ટાળ્યો,
કર્યું કીંકરતણું કામ કૃપાકર;— મોહીરહ્યો દ્વારા ૪
મુર્તિ મધ્યે મીરાંને મેળવી તમેં દીધી;
કીધો પ્રત્યક્ષ પ્રભાવ પ્રીત ધર;— મોહીરહ્યો દ્વારા ૫
પીપાને પુરી દીવ્ય દેખાડી મનોરથ પુર્યા;
કર્યાં નર્સિનાં ઘણાં કામ નટવર.— મોહીરહ્યો દ્વારા. ૬
મેઘજી માટે મનહર રઘુવર રૂપ ધરિને,
કીધું મનકમળમાં મુકામ મધુકર.— મોહીરહ્યો દ્વારા. ૭

૫૬ (૮૫) મું-મદનમોહન મધુબનમેં ખડે બંસી બજાતે હૈ-**એ રાગ.**

દ્વારિકાંધીશ ઇશ પ્યારા, શ્રીવર શીર પર ઘણી ધાર્યા;
શ્રીવર શીર પર ઘણી ધાર્યા, ભુવન મન માંહે તે પધાર્યા.-દ્વારિકાં ટેક
ઘટોઘટ વાશી છે ઘનસ્યામ; વિશ્વમાં વ્યાપિ રહ્યો વિશ્રામ;
અમારો એજ છે આરામ, શ્રીવર શીરપર ઘણી ધાર્યા.- દ્વારિકાં ૧
મનોહર શ્રીવર સુંદરસ્યામ, શ્રીમત રણછોડજી સુખધામ;
અમારે નથી અન્યથી કામ; શ્રીવર શીરપર ઘણી ધાર્યા.-દ્વારિકાં ૨
પુર્ણપુરૂષોત્તમ પુરણકામ, અમારિ એજ પુરે મન હામ;
બીજાનાં બનશું નહિ ગુલામ; શ્રીવર શીરપર ઘણી ધાર્યા.-દ્વારિકાં. ૩
નથી એ સહજનો સરદાર, રૂદ્ર અજ ઈંદ્રિ તણો સરકાર;
અમારો એ બન્યો આધાર, શ્રીવર શીરપર ઘણી ધાર્યા.-દ્વારિકાં. ૪
મેઘજીનો એ આતમરામ, અંત ગ ને ધામેં મુકામ;
વિજયમંગલ મનહર ઘનસ્યામ, શ્રીવર શીરપર ઘણી ધાર્યા.- દ્વારિકાં. ૫

પદ (૮૬) મું-રાગ-(ઉપર મુજબ.)

અશરણના શર્ણ શ્રીવર રણછોડ, મરણ જન્મ મટાડે છે;
જન્મ મર્ણ મટાડે છે,
પ્રભુ પદમાં થીર પાડે છે.— અશરણના શર્ણ શ્રીવર.-ટેક
અખંડાનંદ અવિનાશી, કોટિ બ્રહ્માંડનો પ્રકાશી;
બનીને દ્વારિકાંવાશી,
મરણ જન્મ મટાડે છે.- અશરણના શર્ણ શ્રીવર. ૧
સત્ય ભાવે શરણે આવે; મરણમાં તે ખરા ફાવે;
ફરી ગર્ભવાસ નહિં આવે,
મરણ જન્મ મટાડે છે.- અશરણના શર્ણ શ્રીવર. ૨
મરણથી છોડશે રણછોડ, ચરણમાં જોડશે ચિત્તચોર;
નહીં ચાલે જમડાનું જોર,
મરણ જન્મ મટાડે છે.- અશરણના શર્ણ શ્રીવર. ૩
પ્રભુના પાર્ષદો આવે, વિમાન નિજજન કાજે લાવે;
પરમ પદમાં પ્રીતે પઠાવે,
મરણ જન્મ મટાડે છે.- અશરણના શર્ણ શ્રીવર. ૪
દ્વારિકાંધીશ રૂકમણીનાથ, જડ્યો મન્મણી હૃદયની સાથ;
મેઘજીના શીર પર ધરિ હાથ,
મરણ જન્મ મટાડે છે.- અશરણના શર્ણ શ્રીવર. ૪

પદ (૮૭) મું-રાગ-કેરબો-જોઇ ટિપણું ને વાત કહું છું-એ ઢબ.

જાદુવિદ્યા જાણે પુરેપુરિ જદુપતિ રણછોડ,—ટેક.
જાણે જદુપતિ રણછોડ, તાણે જનનાં મન કરિ જોર;—જાદુવિદ્યા. ૧
જુથેજુથ જનનાં આ આવે સમજી સુખની ખાણ,

જોયા કે ઝટ મોહ્યાં જાણે લાગ્યાં કામણ બાણ.— જાદુવિદ્યા. ૨
મનને મોહન વિંધિ લૈને પેરે પદમોજાર,
એક વખત જોયા કે પાછા કદિ ન વિસરનાર.— જાદુવિદ્યા. ૩
દેહદેશમાં જાય તથાપી મન માલીકનિ પાસ,
મરે ઝંખતાં એને અંતે પામે પદમાં વાસ.— જાદુવિદ્યા. ૪
કામણગારો સૌને પ્યારો રંગીલો રણછોડ,
એનાસમ છે એજ મીઠડો મળે ન એની જોડ.— જાદુવિદ્યા. ૫
મેધાનું મન વિંધી વ્હાલે પહેર્યું પદમો જાર,
કોણ જાણે શું કામણ કીધું ઉપજ્યો પ્યાર અપાર.— જાદુવિદ્યા. ૬

પદ. (૮૮) મું–કેરબો–(ઉપર મુજબ.)

હાથોહાથ દ્વારકાંનાથ હરિજનનાં મન હરતા જાય.—ટેક.
હરિજનનાં મન હરતા જાય દીઠા કે પુર્ણ પ્રેમ ઉભરાય.— હાથોહાથ. ૧
ચાર આંખ ભેગી થાતાં ઝટ થાય દુઃખ સૌ દુર,
રંગ રસીલા છેલ છબીલા ઉભા હરિ હજુર.— હાથોહાથ. ૨
ચાર હાથ આયુધ ધરિને કરે ચોગણું કામ,
શંખ ચક્ર ને ગદા પદ્મધર મનહર સુંદરસ્યામ.— હાથોહાથ. ૩
ધરિ એક કર ચક્ર સુદર્શન જનમન મથતા જાય,
ગદા મારિને દીયે ગોદવિ સર્વે અઘ સમુદાય.— હાથોહાથ. ૪
શંખ અડાડી શુચી કરિને ધરે પદ્મ સમ હાથ,
પાછાં તેને કદી ન છોડે રાખે શ્રીવર સાથ.— હાથોહાથ. ૫
મોહનિના મંત્રો સાધી માર્યું મેધાને બાણ,
ભીતર ભેદીને પ્રગટાવ્યો ભાવ સ્વરૂપી ભાણ.— હાથોહાથ. ૬

પદ (૮૯) મું–રાગ–(લાવણી) (જોડી તેં જોઇ નવ માડી)–**એ ઢબ.**

નમું જય બેટપતિ બંકા, નમું જય બેટપતી બંકા.—
દેવ દ્વારકાંધીશ દેશ વિદેશ દીધા ડંકા. ૧
અતુલ મહિમા તારો ભારિ, અતુલ મહિમા તારો ભારિ;
દેશ દેશથી દોડયાં આવે અસંખ્ય નરનારિ.— ૨
તન મન ધન તુજ ઉપર વારે, તન મન ધન તુજ ઉપર વારે;
જય જય શ્રીરણછોડ કહિ જનજુથ્થ કુદે ભારે.— ૩
કોય તાળી ઠોકી નાચે, કોય તાળિ ઠોકી નાચે;
કોય કૃષ્ણનાં ચરિત્ર આગળ ઉભા રહિ વાંચે.— ૪
પ્રકમ્મા કૈક પ્રીતે કરતા, પ્રકમ્મા કૈક પ્રીતે કરતા;
કૈક તુલસી ને પુષ્પ તણા હારો પ્રીતે ધરતા.— ૫
કરે પદચુંબન કો પ્રીતે, કરે પદચુંબન કો પ્રીતે;
જન મન હર મેઘાનો માલીક ચહે સંત ચિતે.— ૬

પદ (૯૦) મું–રાગ–ઉપર મુજબ (લાવણી.)

મોક્ષનું દ્વાર દ્વારકાં ધાંમ મોક્ષનું દ્વાર દ્વારકાં ધાંમ;
મુક્તિપ્રદાતા પ્રગટ બીરાજે મનહર સુંદરશ્યામ.— ૧
ગોમતિ શુચી કરે ગો, મતી; ગોમતિ શુચી કરે; ગો; મતી;
સ્નાન પાન દરશન ને ધ્યાને રહે ન પાપ રતી.— ૨
ચક્રતીરથ સંગમ આરે, ચક્રતીરથ સંગમ આરે;
સ્નાન કરે સુર છુપી સુભાગી ન્હાતાં નરનારે.— ૩
શરણના દુઃખ ટાળે રણછોડ શરણનાં દુઃખ ટાળે રણછોડ;
જન્મ મરણનાં કષ્ટ કાપીને પુરે પુરણ કોડ.— ૪
મેઘજી મન ચરણે સ્થાપે, મેઘજી મન ચરણે સ્થાપે;
યોગ ક્ષેમ તેનું વહિને ગોવિંદ ગતિ આપે.— ૫

પદ (૯૧) મું-(અમારા ઉપર ઇશ દ્રષ્ટિ કરો) એ રાગ.

નમું નાથ દ્વારિકાંધીશ ધણી.— ટેક.

નમું માત મહારાંશ્રીરૂકમણી નમું નાથ દ્વારિકાંધીશ ધણી.— ૧

શિશુ શર્ણે આવ્યો અકીંચન બણી,

કૃપાદ્રષ્ટિ કરવાની છે માગણી,— નમુંનાથ. ૨

દયાદ્રષ્ટિથી લ્યો મુને દાસ ગણી,

દીનાનાથ દેજો સ્વભક્તી ઘણી.— નમુંનાથ. ૩

પ્રતીમા રહો ચીતમાં તુજ તણી,

અવીછીન્ન ઉરેં ધ્યાન રહેજો બણી.— નમુંનાથ. ૪

શ્રીમન ધન જીવન તન સુધારો ધણી,

મદત મેઘજીને હજી ઘો ઘણી.— નમુંનાથ. ૫

પદ (૯૨) મું-મોહન માટી ખાયરે; યશોદા તારો મોહન૦-એ રાગ.

રસિયા રૂપાળા રણછોડરે,

રંગીલારાજા, રસીયા રૂપાળા રણછોડ;

આહા છે આકૃતિ ભારિ સુખકારિ મનહારિ,

શ્યામસુંદર ચિત્તચોર રે.— રંગીલા રાજા રસીયા.—ટેક

કૃપાળા કાળા રૂપાળા, નટવર નખરાળા,

દયાળા દ્વારિકાંવાળા, છો દીનના પ્રતિપાળા;

નથી નાથ તુંમાં ખોડ, જગેંનથી તારિ જોડ,

ચિત ચરણમાં ચ્હોડ, તાત નવ તરછોડ;

મર્ણ જન્મથી મને છોડરે.— રંગીલા રાજા. ૧

તારૂં એકેએક અંગ, જોતાં લાજે છે અનંગ;

તે ઉપર પ્હેર્યાં નંગ, પ્રકાશે વિવિધ રંગ.

ખુબી ન લખી લખાય, આહા આતે શું કહેવાય;
પ્રેમ અતિ ઊભરાય, ઝાલ્યો ન રહે જરાય.
જડિ રૂકમણિ તણિ જોડરે.— રંગીલા રાજા. ૨

જોઇ થયો છું હું દંગ, આવે અતિ શેં ઉમંગ;
બન્યો રહો સદા સંગ, તારો ને મારો પ્રસંગ.
શંખ ચક્રગદા ધર, છે પદ્મ સુંદર કર;
કરણ કુંડળ ધર, મુગટ છે મનહર.
અધરનિ મધુરિ જોડરે.— રંગીલા રાજા. ૩

સોહે છે સુંદર ભાલ તિલક કસુંબી લાલ;
કરિ છે કેશરિ આડ, ભમર ભવ્ય રસાલ.
આંખો નિ અણીયો વડે,
કાળજામાં કાણાં પડે, મારૂં મનરે ન ધડે.
દેખિને કરે છે તેમાં દોડરે.— રંગીલા રાજા. ૪

એ સુખ સમજ્યું જાય, વાણિથિ ન વર્ણવાય;
અકથ અનુભવાય; મજા મુખેં ન કહેવાય.
પ્રેમિ જાણો ને પિછાણો, પાપીયાં જાણે છે પાણો;
પુરાણો કરે વખાણો, ભક્તને ભવ્ય જણાણો.
પુર્યા છે ઓડાણાના કોડરે.— રંગીલા રાજા. ૫

એ અનેક રૂપો ધરે, અસંખ્ય લીલાઓ કરે;
એને સાચે મને સ્મરે, તેને બેડો પાર કરે.
સોંપે તન મન ધન, ચહે નહિં અર્થ અન્ય;
તેનાં જીવનનોને ધન્ય; બને જે એનાં અનન્ય;
છોડે મરણ રણછોડ રે.— રંગીલા રાજા. ૬

એ મેઘજીનો માલીક, મળ્યો તેનિ ટળિબિક;
અજથી ઉંચિ અધિક, દે ગોવિંદ ગતિ ઠીક.
પાછો તે ફેરો ન ફરે, ન તે જનમે કે મરે;
ભજે તે તો ભવતરે, ન ભજે તે અવતરે.
બની મીરાં માધવની જોડ રે — રંગીલા રાજા. ૭

પદ (૯૩) મું–ગીરિવાસિ ગોવિંદ શ્રીનિવાસ નમું–**એ રાગ**

પુરણબ્રહ્મ રણછોડ પ્રભુને પ્રણમું;–.........................ટેક.
શરણ થૈ વીરમું ચરણ માંહે નમું.—હાં...હાં...હાં...હાં– પુરણબ્રહ્મ૦ ૧
પુર્ણ પુર્ષોત્તમ બ્રહ્મ તણું સ્મરણ કરૂં, એનિ સ્હાયથી હું સદા જન્મ મર્ણ તરૂં;
નાથ શરણ ખરૂં અન્યને ન સ્મરૂં–હાં...હાં...હાં...હાં– પુરણબ્રહ્મ૦ ૨
પ્રપન્ન જાણિ આણીને પ્રેમ પાપ હરો, આધિ વ્યાધિને ત્રીતાપ તમે દુર કરો;
બાપ બાંહ્ય ધરો, આપ ન વીસરો–હાં...હાં...હાં...હાં– પુરણબ્રહ્મ૦ ૩
આદિ નારાયણ છો અનાદિ અવિનાશી, જ્યોતિતારિ જનતારવા જગેં પ્રકાશી;
દયા દાદા શી જગત પર ભાશી.—હાં...હાં...હાં...હાં– પુરણબ્રહ્મ૦ ૪
શરણ આવે તે ફાવે અનન્ય બણે, જીવે ત્યાં સુધિ જશ તારા નિત્ય ભણે;
ભુલે ન ભવરણે, સુણે ગુણ શ્રવણે.–હાં...હાં...હાં...હાં– પુરણબ્રહ્મ૦ ૫
મરણ મહોત્સવ જેવું લાગે મેઘજીને, આવે અક્ષય ધામે ધુમધામે ભજીને;
ગંદી દેહટળે, દીવ્ય દેહ મળે.–હાં...હાં...હાં...હાં– પુરણબ્રહ્મ૦ ૫

પદ (૯૪) મું–અમારા ઉપર ઈશ દ્રષ્ટી કરો–**એ રાગ.**

શરણ રણછોડ રહેવાહું કહુ, ચરણનું સ્મરણને સેવા ચહું.–શરણ રણછોડ.૧
વિષયનું વિસ્મરણ કરાવા કહું. ગુણોતારાનું ગાન ગાવા કહું.–શરણ રણછોડ.૨
વિવિધ વિઘ્ન વેગેં વિદારો સહુ, પુરણ પ્રેમ ભક્તિ વધારો બહુ.–શરણ રણછોડ.૩
સકળવિધતારે ભરોસે છઉં, મુકી મુળ માલીક બીજે કયાં જવું.–શરણરણછોડ.૪
નતજ મેઘજીને જોડી કર કહું, તારાવિણ દુ:ખદા દીસે છે સહુ.–શરણરણછોડ.૫

પદ ૯૫-મું-રાગ-(ઉપર મુજબ.)

રિઝો રણછોડ રિઝાવા ચહું,
શરણ થૈ મરણ તરીજાવા ચહું,— રીઝો રણછોડ. ૧
દરદ દીલ તણા તાત ટાળો સહુ,
વરદ હસ્ત ધારી સુધારો બહુ.— રીઝો રણછોડ. ૨
ગરજથી અરજ આપને હું કહું,
કરજ હે કૃપાળુ પતાવો સહુ.— રીઝો રણછોડ. ૩
ભમ્યો છું ભવાટવી વિશે હું બહુ,
હવે હાથ ઝાલી હરી લ્યો કહું.— રીઝો રણછોડ. ૪
જગતમાં જવા મેઘજી ના ચહું,
તજી તન તમારા ભુવનમાં રહું.— રીઝો રણછોડ. ૫

પદ-૯૬-મું-રંગીલા રણછોડ શ્રીવર વારિ દઉ તુજપર બધું-**એ રાગ**

આરતના પ્રતિપાળ પુરણ રણછોડ રસીલા છો તમે.— ટેક
આર્ત દુખી દીન બાળ દાદા ચરણ શરણ આવ્યાં અમે;
આવ્યા તારે શર્ણ તે જીત્યાં મર્ણ જગ્ત વિદીત છે,
શર્ણનાં રણ છોડવાનિ રણછોડ તારી રીત છે.— આરતના. ૧
દ્રૌપતી હતી દુર પણ ત્યાંથી શરણ મનથી થઈ,
ચિર પુર્યાં નૌસેં નવાણુ લાજ દાસીની રહિ.— આરતના ૨
શર્ણ થવા આવી મીરાં મુંઝાયને રાણા થકી
ચર્ણમાં સ્નેહે સ્વીકારી શાંત પદમાં તે ટકી.— આરતના. ૩
આર્ત બની આવ્યો સુદામો સંકટ સર્વે કાપ્યું તમેં,
નરસીને કરિ સ્હાય સ્વામી આર્ત દેખી સમે સમે.— આરતના. ૪
પ્રગટ સ્વરૂપે આપ બન્યાતા જે અર્જુનના સારથી,

મુર્તિરૂપે બોડાણાના બેલ હાંક્યા પ્યારથી.— આરતના. ૫
તાત તમે મારા તનરથની મનરૂપી રશી કર ધારજો;
નિર્વિઘ્ન સાથે નાથ રહિને મેધજીને ઉગારજો.— આરતના. ૬

પદ (૯૭) મું–મીઠડાં મૈ લેવારે મૈ લેવાં–એ રાગ.

જેણે પ્રીતે રણછોડજી નિહાળ્યારે,
ચરણે શીર નામીરે શીર નામી.— ટેક.
તેણે સમજો સર્વે ધર્મ પાળ્યારે,
રહિ નહિં કહિં ખામીરે કહિં ખામી;
જેણે ગોવિંદના ગુણ ગાયા,
તેણે સમજો સફળ કરિ કાયારે.— ચરણે શીર. ૧
જેણે સેવ્યા રણછોડરાય સ્નેહે,
તેણે જીત્યા જમદુત આ દેહે રે.— ચરણે શીર. ૨
જેણે જાણ્યા રણછોડ રાય મીઠા;
તેણે સમજો સર્વે સુખ દીઠાં રે.— ચરણે શીર. ૩
જેણે રાજા રણછોડ ઉર ધ્યાયા;
તેનાં સમજો સૌ કાજ છે સધાયાં રે.— ચરણે શીર. ૪
મેઘા દીલમા શ્રી દ્વારકેશ આવે;
તેને કોણ ત્રૈલોકમાં લોભાવેરે.— ચરણે શીર. ૫

પદ (૯૮) મું–પ્રીય સભાજનો—એ રાગ.

શ્રીદ્વારિકાંપતી, દ્યો દીવ્ય સંપતિ,
જેથિ જાય જડ મુળથિ વિપત્તી પતી;— ટેક.
પુરૂષોત્તમા તમેં છો તેથિ પુરૂશોતમાં તમામ,
આવો અંતરમાં હે ઇશ્વર પુર્ણ કરો મનકામ.— શ્રીદ્વારિકાં૦ ૧

આશાં વખાણુ બાણુ તુલ્ય લાગે મુજને શ્રીનાથ,
સ્વપ્ને નૌ ચાહું આ જગમાં થાવા હું પ્રખ્યાત.— શ્રીદ્વા૦ ૨
સંપુરણુ સંતોષ ભરીને ટાળો દીલના દોષ,
પાળો પ્રિય પિતાજી પ્રેમે શમવિ તૃષ્ણા શોષ.— શ્રીદ્વા૦ ૩
અભીમાનને અલગ કરીને કરૂં આપની સેવ,
નમ્ર બની રહું નિશદિન એવું કરો દેવના દેવ.— શ્રીદ્વા૦ ૪
કહેતાં નથી આવડતું કરૂણાથી સુણજો સરકાર,
તારા વિના તમામ તણી છોડાવી દ્યો દરકાર.— શ્રી દ્વા૦ ૫
મેઘજીનું મન હરિ હાથ લઇ કરો મહા મજબુત,
જેથી અમને કદી ન કનડે કામભુત જમદુત.—શ્રીદ્વારિકાં પતી. ૬

પદ (૯૯) મું—રાગ (લાવણી)—સજ્જન સેવો શ્રીરણછોદરાય દ્વારકાં બેટ ગોમતિમાંય—**એ ઢબ.**

બન્યો પ્રભુનો પુજારિ ખાસ, કરૂં શીદ અલ્પ જનોની આશ.— ટેક
ધનિકનો ધની ખરો શ્રી નિવાસ એનું આપેલું છે સૌ પાસ,
લક્ષ્મી જેના ચરણુકમળની દાસ બની છે ખાસ;
દેવ કોટિ તેત્રીશ સર્વના સ્વામી છે શ્રી નિવાસ,
દ્વારકાંધીશ વસ્યો દીલ વાસ.— બન્યો પ્રભુનો. ૧
મન મંદીરમાં મનહર યદુવર વસ્યો લક્ષ્મી સહવાસ,
તજી તેને બનિને હું પાજી શીદ સહું કંકાસ;
ભજીને ભુંજી નાખુ આશ.— બન્યો પ્રભુનો. ૨
પુર્ણુ પ્રભુને પ્રણમી વિષયની કરૂં વાસના નાસ,
જેથી વાસ પામું વૈકુંઠે, મળે આસત્યાવાસ;
બનુ એનોજ અનન્યદાસ.— બન્યો પ્રભુનો ૩

એક આશ વિશ્વાશ એકનો એક ધણી શ્રીઈશ,
તેનું સઘળું સમજીને હું પ્રસન્ન છું દીન નિશ,
નથી કોય અપુર્ણનો હું દાસ.— બન્યો પ્રભુનો. ૪
પુર્ણબ્રહ્મ પુરૂષોત્તમ દીનબંધુ શ્રીદ્વારકાંધીશ,
તેની સેવાથી સંપુરણ શાંતિ મળે દશ દીશ;
મેઘજી માણે બારે માસ.— બન્યો પ્રભુનો. ૫

પદ (૧૦૦) મું–લક્ષ્મીનારાયણ મારા માને બાપ હરિ હું તમને
કેમ ભુલુંરે—**એ રાગ.**

મારો પીતા રણછોડ રણધીર, ધીરજ હું ન શાને ધરૂંરે;
માતુશ્રી છે મહાલક્ષ્મીજી ગંભીર, આશા બીજાની શાને કરૂંરે.— ૧
જેનાથી પોષણ પામે ધરા ધામ, ધીરજ હું ન શાને ધરૂંરે;
જગમાં લક્ષ્મીથી વૈભવ તમામ; આશા બીજાની શાને કરૂંરે;– ૨
નથી રંક જગરાજનો કુમાર. ધીરજ હું ન શાને ધરૂંરે;
એનું ભુવન તે મારૂં ઘરબાર, આશ બીજાની શાને કરૂંરે.– ૩
જેના હુકમને તાબે છે તમામ, ધીરજ હું ન શાને ધરૂંરે;
અવિનાશીનું અવિચળ છે ધામ, આશા બીજાની શાને કરૂંરે.– ૪
દ્વારામતિપતિ સત્ય સરકાર, ધીરજ હું ન શાને ધરૂંરે;
કરૂં દમડીની શીદ દરકાર, આશા બીજાની શાને કરૂંરે.– ૫
એના નામનિ છે રિદ્ધિસિદ્ધિ દાસ, ધીરજ હું ન શાને ધરૂંરે;
બની દ્વારકાંધીશનો બાળ ખાસ, આશા બીજાનિ શાને કરૂંરે.– ૬
મેઘજીને મન માલિકનું જોર, ધીરજ હું ન શાને ધરૂંરે;
મારા મનના નિવાસી રણછોડ, આશા બીજાની શાને કરૂંરે.– ૭

પદ (૧૦૧) મું-મરનેસે ક્યા ડરના જીયરા, મરનાં સોઇ સચ્ચા હે.-એ રાગ.

અબ હમકોં ક્યા ચાહિયે હમને શ્રીપતિ પિતુ પાયા હૈ;
અબ કિસિસેં લલચાઇયે હમ ખુદ લક્ષ્મીકા જાયા હૈ,-ટેક.
જીનસે યહ જગયંત્ર ચલત હૈ સોઇ હમારા સ્વામી;
દુજા હમકુ કોન ક્યા દેવેગા ક્યા હૈ હમકું ખામી,
હમને શ્રીપતિ પિતુ પાયા હૈ.— અબકિસિસે૦- ૧
ધામ ધરા ધન ચૌદ ભુવન સબ સમ્પત હૈ શ્રીપતિકી;
બ્રહ્મા શંકર શેષ બખાને લીલા જીનકિ ગતીકી,
હમને શ્રીપતિ પિતુ પાયા હૈ.— અબકિસિસે૦- ૨
ઉનકું ભુલીકે ડુલે તે હમ અબ પ્રભુકુ પહિચાના;
લાત માર લાલચ લુંડીકું જગપતિકે ઘર જાંનાં,
હમને શ્રીપતિ પિતુ પાયાહૈ.— અબકિસિસે૦- ૩
સમસ્ત જગકા સ્વામી પાયકે મસ્ત ભયા મન મેરા;
અસ્ત ભયા ભગવત કરૂણાસેં ભવસાગરકા ફેરા,
હમને શ્રીપતિ પિતુ પાયાહૈ.— અબકિસિસે૦- ૪
મૌજ મેઘજી હજી મીલેગી આગે અકથ અનોખી;
પ્રકૃતિકા પડ ઉખડ જાયગા શ્રુતિ કહતસત્ ચોખ્ખી,
હમને શ્રીપતિ પિતુ પાયાહૈ.— અબકિસિસે૦- ૫

પદ (૧૦૨) મું-લાવણી-સજન સેવો શ્રીરણછોડરાય-એ રાગની.

ભુલજો માં મુજને ભગવાન, કૃપાથી સ્વીકારજો શ્રીમાન-ટેક૦
ભુલ્યો બહુ ભવથી હું નાદાન, થયો તો હાથેથી હેરાન;
હવે હરિ હું ફરિને કદી ભુલુ નહિં તુજ ભાન,
કૃપા કરિને કીંકર જાણી બણ્યું રાખજો જ્ઞાન;
સર્વમાં સ્મરાવજો તુજ ધ્યાન.— ભુલજો માં-૧

અવિછીન્ન અંતરમાં તારૂં બન્યું રાખજો તાન;
હરિ હમેશાં હેત કરિને ગવરાવો ગુણુગાન,
આવવા દેશો નહિ ગુમાન.— ભુલજો માં-૨
શ્રવણે સદા હરીરસ અમૃતનું કરાવજો પાન;
ભાવ ભક્તિ ભરપુર ભરિને બનાવજો મસ્તાન,
ભુલાવો ભુંડાં સૌ તોફાન — ભુલજો માં-૩
દયા આણિને દીન જાણિને દેજો કરૂણા દાન;
સમજાવ્યું સાચું કરૂણાથી નથિ કોય તુજ સમાન.
ઇંદ્ર અજ રૂદ્ર કરે તુજ ગાન.— ભુલજો માં-૪
માલીક ઠીક મળ્યો મેવાને ચહું ચર્ણામૃત પાન;
પુજું પદ પ્રેમેથી વંદુ આનંદુ કરી ગાન,
સ્વીકારો ફુલ તુલસીનાં પાન — ભુલજો માં-૫

પદ (૧૦૩) મું–રાગ ધુનનો (હરિ હું તમને કેમ ભુલુંરે-એ ઢબ.)

બનો દીલના નિવાસિ દ્વારકેશ દાદાજી દીલ ધરોરે,
રણછોડ તારા ચરણોનિ જોડ પલક પણ ન વિસરોરે.— ૧
દેવ દીનબંધુ દ્વારિકાના નાથ દાદાજી દયા દીલ ધરોરે,
હરિ હરદમ રહો મુજ સાથ પલક પણ ન વિસરોરે.— ૨
ગુણ ગાનમાં કરાવો ગુલતાન દાદાજી દયા દીલ ધરોરે,
ખાતાંપીતાં સુતાં સદા તારૂં ધ્યાન પલક પણ ન વિસરોરે.-૩
ઉરે આનંદ રખાવો અવિછીન્ન દાદાજી દયા દીલ ધરોરે,
જલ મીનવત બનાવો તલ્લીન પલક પણ ન વિસરોરે.— ૪
તારા વિના બિજી યાદિ કરો બાદ દાદાજી દયા દીલ ધરોરે,
આપો શ્રૃતિમાં કહેલો તારો સ્વાદ પલક પણ ન વિસરોરે.-૫

કરૂં ગરજથી અરજ આ વાર દાદાજી દયા દીલ ધરોરે,
વારંવાર માનુ તારો ઉપકાર પલક પણુ ન વિસર્યારે.— ૬
જન્મ મરણુથી રણુછોડ છોડ દાદાજી દયા દીલ ધરોરે,
તાત મેઘજીને મત તરછોડ પલક પણુ ન વિસરોરે.— ૭

પદ (૧૦૪) મું–પ્રભુ તારે ભરોંસે–એ રાગ.

દાદા દ્વારિકાંધીશ દયા ધારજો જો;
દીન બાળકની રાખજો સંભાળ પ્રતિપાળ.-દ્વારિકાંધીશ૦-ટેક ૧
સર્વે રીતથી સુધારજો શિશુ ગણીરે,
ઘણી લાગણી રાખજો રખવાળ પ્રતિપાળ.- દ્વારિકાંધીશ૦-૨
દીનબંધુ આનંદ દેજો આપનોરે,
ઉર બનાવજો પુરણુ પ્રેમાળ પ્રતિપાળ— દ્વારિકાંધીશ૦—૩
ધ્યાન સેંત ગાન આપનું કરાવજોરે,
સ્મરાવજો ઉપકાર હે કૃપાળ પ્રતિપાળ— દ્વારિકાંધીશ૦-૪
મુંઢ મેઘજીને મદત હજી આપજોરે,
બાપ કાપજો સંસારનિ જંજાળ પ્રતિપાળ.—દ્વારિકાંધીશ૦-૫

પદ (૧૦૫) મું–રાગ–ઉપર મુજબ.

રાય રણુછોડ રંગીલા રૂણુછોડ જોરે.—ટેક.
તરછોડજો ન મને કોય કાળ હે કૃપાળ–રણુછોડ રંગીલા૦-૧
થાકિ પાકિને હરિશરણુ હવે થયાંરે,
નિરાધારના આધાર દયાધાર હે કૃપાળ—રણુછોડ રંગીલા૦-૨
આદિ કારણુ તારણુ શરણુના તમેરે,
અમે ચરણુમાં આવિને નમ્યા બાળ હે કૃપાળ.–રણુછોડ રંગીલા૦-૩

સર્વ રીતથી સમર્થ તમે શ્રીપતીરે,
મતિહિન અતિ અલ્પ છું હું બાળ હે કૃપાળ.—રણુછોડ૦—૪
તાત મેઘજીને તજી ન દેજો કદીરે,
લેજો સર્વ સ્થળે શ્રીવર સંભાળ હે કૃપાળ.—રણુછોડ૦—૫

પદ (૧૦૬) મું–અંતે એજ પ્રભુ અલબેલો લેવા આવશેરે–એ રાગ.

મારા માલિક મારી બીક બધી નીવારજોરે, ત્વરાથી તારજોરે.–ટેક
ચરણુ ગ્રહીને પડયો ભરોંસે, તુજ વિણુ મુજ સામું કોણુ જોશે;
દોષે દબાયલાના દોષ વિસારજોરે, ત્વરાથી તારજોરે.–મારા માલીક૦–૧
શ્રીવર ચક્ર સુદર્શન ધારિ, કાળચક્રથી લેજો ઉગારિ;
કરિને ગરૂડે સ્વારી પ્રભુ પધારજો રે, ત્વરાથી તારજોરે.–મારા માલીક૦૨
નથી ઉગરવા બીજી બારી; કેવળ કૃપા કરિ લ્યો તારિ;
ભવભયહારિ ભયથી પાર ઉતારજો રે, ત્વરાથી તારજો રે.–મારા માલીક.૩
અંતે ધ્યાન આપનું ધારૂં સ્મરણુ ઉરે અતિશય રહે તારૂં;
ક્ષણુ ન વિસારૂં એવી કૃપા વધારજોરે, ત્વરાથી તારજોરે.–મારા માલીક.૪
તદાકાર તુજમાં મન જોડું સ્નેહ દેહ દુનિયાંનો છોડું;
તમામ તૃષ્ણા ત્રોડું તેમ કરાવજો રે, ત્વરાથી તારજોરે.–મારા માલીક. ૫
શ્રેય મેઘજીનું મન ધારી ઠીક પડે તે કરો મુરારિ;
ગરજીની અરજી શ્રીપતિ સ્વીકારજોરે, ત્વરાથી તારજોરે.–મારા માલીક.૬

પદ (૧૦૭) મું–ગરૂડે ચડી આવજો ગીરધારિ–એ રાગ.

રાજા રણુછોડ રક્ષક રૂદે રેજો;— ટેક.
મારી શુદ્ધ સમયસર લેજો. રાજા રણુછોડ રક્ષક રૂદે રેજો.–મારી શુદ્ધ. ૧
નાડિ સુશુમ્ણા દેજો ઉઘાડી, ઉરમાં પ્રગટિ દેજો તમ ટાળિ;
દીવ્ય ધામે દેજો પહોંચાડી, રાજા રણુછોડ રક્ષક રૂદે રેજો.–મારી શુદ્ધ.૨
કેવળ કરૂણાથી તેડવા આવો, નાથ નથી મારો કાંઇ દાવો;

દીન જાણીને દયા જણાવો,–રાજા રણુછોડ રક્ષક રૂદે રેજો;–મારી શુદ્ધ. ૩
નથી ભક્તિ પુરિ કરી તારી, દંત તૃણુ ગ્રહિ પ્રણુમું મુરારી;
રૂણુ છોડીને લેજો સ્વીકારી, રાજા રણુછોડ રક્ષક રૂદે રેજો.–મારી શુદ્ધ.૪
મેઘજીને તજીને ન જાજો, સર્વ રીતે સ્હાય્યક સ્વામી થાજો;
અંતે સાથે સ્વધામે લે જાજો, રાજા રણુછોડ રક્ષક રૂદે રેજો.–મારી શુદ્ધ.૫

પદ (૧૦૮) (આરતી.)

જય જય રણુછોડરાય જય રૂકમણી માડી મા જય રૂકમણી માડી;
આરતિ આરત ભાવે કરૂં છઉં દાડી. જય માત જય તાત. ૧
પહેલી આરત એજ ભક્તિ ભરો ચિત્તે અતિભક્તિ ભરો ચિત્તે,
સદૈવ સ્નેહ રખાવો જલમીનની રીતે. જય માત જય તાત. ૨
બીજી આરત એજ ઉર વૈરાગ્ય ભરો અતિ ઉર વૈરાગ્ય ભરો.
જગના વિષમય વિષયો વશ મન જરિ ન કરો. જય માત જય તાત. ૩
ત્રીજી આરત એજ તનમન ધનથી કરાવો સેવા, (૨)
સરલ શુચિ શુભ ભકતો જેવા રખાવો હેવા. જય માત જય તાત. ૪
ચોથી આરત એજ ચિત વશ કરાવો મ્હારૂં ચિત વશ કરાવો મ્હારૂં,
કીર્તન સેવન સમ્રણુ કરાવો તમારૂં પ્યારૂં. જય માત જય તાત. ૫
પાંચમી આરત એજ આજ્ઞા સર્વ પળે પ્રભુ આજ્ઞા સર્વ પળે;
ક્રોધ કુબુદ્ધિ કલેશ કુતર્ક કુટેવ તમામ ટળે. જય માત જય તાત. ૬
છઠ્ઠી આરત એજ જીવથી પ્રીય થાઓ અતિ જીવથી પ્રીય થાઓ;
દીવ્ય દેશનો અમને અખંડ દ્યો લ્હાવો. જય માત જય તાત. ૭
સાતમી આરત એજ સાક્ષાત થાવ સ્નેહે સાક્ષાત થાવ સ્નેહે;
દાસ મેઘજી માગે સેવ દીવ્ય દેહે. જય માત જય તાત. ૮

(શ્રીમત્ રૂકમણી રણુછોડ રાયકી જે.)

સમાપ્ત સમક—(લાવણી]-સજન સેવો શ્રી રણછોડરાય દ્વારકાં
બેટ ગોમતિમાંય.—એ ઢબ.

દ્વારિકાંધીશ ધણી શિર ધર્યા તેમનાં જીવન સદા સુધર્યાં.-ટેક.
વ્હાલથિ શ્રીવર ચર્ણું વર્યા તુરત તે ભવસાગરથી તર્યા,
કોટિ કલ્પના પાપ પુંજ તે અલ્પ સમયમાં બળ્યા;
સાચે મને શ્રીવરને સમર્યા તેના ત્રીતાપ ટળ્યા,
વાસ્નાને વેગે વિસર્યા.— દ્વારિકાં. ૧
સ્મરણ સદા રણછોડ તણું કરિ છોડય કહિ કર્ગર્યાં,
તે ભકતો ભવસાગર તરિને નથી પછી અવતર્યાં;
અવિચળ શાંત પદે થિર ઠર્યા. દ્વારિકાં. ૨
પુર્ણપુરૂષ પરિબ્રહ્મ પિછાણી સેવક સાચા ઠર્યા;
તે આ ગંદી દેહ તજીને પરમ પદે વિચર્યા.
દીવ્ય તન પામી ગુણ ઉચર્યા.— દ્વારિકાં. ૩
ઇશ્વર સંગે સદા વસિને પર્માનંદે ભર્યા,
વિર્જા વચ્ચે સ્નાન કરિને શંખ ચક્ર કર ધર્યાં;
ક્રિટિધર ચતુર્ભુજાળા ઠર્યા.— દ્વારિકાં-૪
ઇંદ્ર ચંદ્ર અજ લોક ભેદિને ભવભયપર વિચર્યાં,
પ્રકૃતિમંડળને પરિહરિને પુર્ણ બ્રહ્મમાં ભળ્યા;
નથિ તે ત્યાંથી પાછા ટળ્યા.— દ્વારિકાં-૫
જુઠ્ઠી નથિ આ વાત શ્રુતિ ને ઉપનિષદ્ ઉચર્યાં,
ગીતામાં ગોવિંદ કહે જે, મને વર્યા તે તર્યા;
ભક્તમાળમાં દાખલા ભર્યા.— દ્વારિકાં-૬
વખતે વખત અકથ અનુભવ આ ભવમાં મુજને મળ્યા,
એના ધ્યાન ભજન પુજનથી અઘ મેરૂનાં બળ્યાં;
ટળ્યાં તમ ઉત્તમ જ્ઞાનિ ઠર્યા.— દ્વારિકાં-૭

હરિ ૐ શ્રી દ્વારિકાંધીશ ચર્ણશિર્ષા નમામિઃ

જાહેર ખબર.

લી૦ મેઘજી લાલજી.—માંગરોળ,–(કાઠીયાવાડ).

અમારી પાસે નીચે લખેલાં પુસ્તકો છપાવ્યા વગર પડયાં છે તે ક્રમે ક્રમે છપાઈ ને બ્હાર પડશે, જેને અગાઉથી ગ્રાહક થવું હોય તે પોતાનું સીરનામું લખી જણાવે તો પુસ્તક છપાયે તુરત કીંમતથી ાા આનો કમતી લઈ મોકલી દઈશું.

પુસ્તકનાં નામ.

શ્રી સંત પ્રભાવની ગુજરાતી ટીકા મુળ સહિત કી.૦–૪–૦

શ્રી સંતોષ સુરતરૂની ગુજરાતી ટીકા મુળ સહિત કી.૦–૪–૦

શ્રી ઉપદેશ દોહાવળી તથા સદુપદેશક કવિત કી.૦–૪–૦

તે સિવાય કેટલાક લેખ લખી અધુરા છે તેનાં નામ નથી આપ્યાં તૈયાર થયે જણાવીશું. ઉપરનાં પુસ્તકોમાંથી કોઈને છપાવી ખપાવવા ઇચ્છા હશે તો અમોને લખવાથી યોગ્ય પ્રતિઉત્તર મળશે અને કોઇને પોતાના માસીક પત્રમાં જ્ઞાન સાથે ગમ્મતનાં કાંઈ નાનાં લખાણ જોઈતાં હશે તોપણ લખી જણાવ્યાથી અમને યોગ્ય લાગશે તો મોકલીશું. એજ.

લી૦ સર્વનો શેવક મેઘજી.